Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | |
|---|---|---|
| ૧ સુહૃદ્દ ગોષ્ઠી... ... ... | વેલચંદ ધનજી ... ... ... ... | ૧૩૩ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર. ... | મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ. ... | ૧૩૫ |
| ૩ અધ્યાત્મજ્ઞાન નિરૂપણ પ્રશ્નોત્તર. | આત્મવલ્લભ. ... ... ... ... | ૧૩૯ |
| ૪ મૈત્રીભાવનાનો અનુક્રમે ... થતો વિકાસ-વિસ્તાર. | મુનિશ્રી કપૂરવિજયજી મહારાજ. ... | ૧૪૩ |
| ૫ પ્રમાણિકપણું. ... ... ... | મોતીલાલ નરોતમ કાપડીયા. ... | ૧૪૫ |
| ૬ પુરૂષાર્થ. ... ... ... ... | ,, ,, ,, ... | ૧૪૬ |
| ૭ ધર્મસાગર ઉપાધ્યાય રાસ.... | મોહનલાલ દલીચંદ દેશાઇ. ... | ૧૪૭ |
| ૮ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. | વિઠ્ઠલદાસ મૂ૦ શાહ.... ... ... | ૧૫૨ |
| ૯ ધાર્મિક વાંચનમાળા.... ... | ... ... ... ... ... | ૧૫૫ |
| ૧૦ સ્વીકાર અને સમાલોચના. | ... ... ... ... ... | ૧૫૬ |


### અત્રેના લાઇફ મેમ્બરોને નમ્ર સૂચના

ગયા માસના અંકમાં જણાવેલા ત્રણ ગ્રંથો જે કે લાઇફ મેમ્બરોને ભેટ આપવાના છે તે ઓફીસમાંથી વેલાસર મંગાવી લેવા. સેક્રેટરીઓ.

### ભેટના અપાતા પુસ્તકો સંબંધી અમારો સત્કાર.

આ સભા તરફથી અપાતા વિવિધ સાહિત્યના અનેક ગ્રંથો, માટે પ્રથમ અને આ વખતે પણ અપાયેલ સુંદર ગ્રંથોથી અમારા કેટલાક માનવંતા લાઇફ મેમ્બરોએ પોતાનો પત્રદ્વારા આનંદ પ્રદર્શિત કર્યો છે. અને આ સભામાં લાઇફ મેમ્બર થવા માટે તેઓશ્રીને મળતું ધાર્મિક સુંદર વાંચન અને આર્થિક દૃષ્ટિએ મળતો અપરિમિત લાભ (જે કોઇ સંસ્થા તેવી ઉદારતાથી આપી શકતી નથી) તે માટે પોતાને ધન્ય માનવા સાથે, સભા તરફથી દર વર્ષે પ્રકટ થતાં અનેકવિધ સાહિત્ય માટે (જૈન સમાજની આવા પ્રકારે સેવા કરવા માટે) સભાની પણ પ્રશંસા કરે છે. જે માટે અમો ઉપકાર માનતાં તે માટે સભા પણ પોતાનું ગૌરવ માને છે અને અનેક રીતે વિશેષ સેવા કરવા ભાગ્યશાળી બને તેમ પરમાત્માની પ્રાર્થના કરે છે.

## ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

### द्वितीय अंशः बीजो भाग.

સંપાદકો તથા સંશોધકો—મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ બીજા અંશમાં આઠમાથી અઠ્ઠાવીશમા સુધી ૨૧ લંભકો આવેલા છે. જે ૧૦૪૮૦ શ્લોકોમાં પૂર્ણ થાય છે.

આ પ્રથમ ખંડનો, તથા કર્તા મહાત્માનો પરિચય અને આ ગ્રંથ કેટલો ઉચ્ચ કોટીનો છે, પરિશિષ્ટોને લગતો વિશેષ પરિચય, પ્રસ્તાવના, વિષયાનુક્રમ, કોષ આદિ સાથે હવે પછી પ્રકટ થતા ત્રીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા-સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે. કિંમત રૂ. ૩-૮-૦ સાડા ત્રણ રૂપિયા (પોસ્ટેજ જુદું) રાખવામાં આવેલ છે. ઇતિહાસિક પ્રાચીનમાં પ્રાચીન કથાસાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા હોવાથી આર્થિક સહાયની જરૂર છે.

ભાવનગર ધી "આનંદ" પ્રિન્ટિંગ પ્રેસમાં-શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

औचित्यादुचितप्रवृत्तिरूपत्वात् । वृत्तयुक्तस्याणुव्रतमहाव्रतसमन्वितस्य । वचनाज्जिनप्रणीतात् । तत्त्वचिन्तनं जीवादिपदार्थसार्थपर्यालोचनम । मैत्र्यादिसारं मैत्रीप्रमोदकरुणामाध्यस्थ्यप्रधानं सत्त्वादिषु विषयेषु । अध्यात्मं योगविशेषं । अतोऽध्यात्मात् । पापक्षयो ज्ञानावरणादि क्लिष्टकर्मप्रलयः । सत्त्वं वीर्योत्कर्षः । शीलं चित्तसमाधिः । ज्ञानं च वस्त्ववबोधरूपम् । शाश्वतमप्रतिघाति शुद्धं स्वतेजोवत् । अनुभवसंसिद्धं स्वसंवेदनप्रत्यक्षं तद्वृत्तम् । अमृतं पीयूषम् । स्फुटं भवति ।

योगबिन्दु—श्री हरिभद्रसूरि.

पुस्तक २९ } वीर सं. २४५८. पोष. आत्म सं. ३६. { अंक ६ ठ्ठो.

## સુહૃદ્ ગોષ્ઠી.

( ભૈરવ. )

( ચાલ—મેરો મન હર લીનો રાધા રણછોડ. )

( ૧ )

જાવું સકલ છોડી ભ્રાત ! રહે સ્વકૃત કર્મ સાથ;  
વિષમ વિચિત્ર વાટ, વાત એ વિચારીએ. જાવું.

( ૨ )

કોણ તું આવ્યો છે કયાંથી, કયાં જવું એ જાણ શાથી;  
અગમ ગમન ગતી, એહ અવલોકીએ. જાવું.

( ૩ )

મોહ મદથી મદાંધ, ચક્ષુ છતાં પ્રબળ અંધ;  
કાર્યાકાર્યનો ન બંધ, જરૂર અંધ જાણીએ. જાવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૪ )

ભૂતને ભવિષ્ય કેરી, શોચ વાત સકલ તેરી;
ડેરી કર્યું કરે છે, વર્ત-માન આ વિલોકીએ. જાવું.

( ૫ )

પ્રાણી સકલ ચાહે સુખ, કીડી વા કુંજર પ્રમુખ;
કર્માધિન સુખ દુઃખ, તત્ત્વ તે તપાસીએ. જાવું.

( ૬ )

" અમૂલ્ય આ છે દેહ તારો, પ્રાપ્તિ પુણ્ય ઉદયે ધારો;"
ફલિત કરણ કાજ **રાજ—માર્ગને** સ્વિકારીએ. જાવું.

( ૭ )

કર્મ યોગમાં પ્રવીણ, કર્મ સકલ કરવા ક્ષીણ;
કર્મ–યોગી બનવા ધીર, વીરતા વધારીએ. જાવું.

( ૮ )

ઉપાદેય, જ્ઞેય, હેય, સમજ પેય વા અપેય;
ચરણ, કરણ રમણ રંગ, અંગમાં ઉતારીએ. જાવું.

( ૯ )

સુખી સકલ પ્રાણી થાય, હૃદય ભાવના સુહાય;
વર્તના વિશિષ્ઠ રૂપ, રંગથી રેલાવીએ. જાવું.

( ૧૦ )

ત્યાગો બહિરાત્મ રંગ, **અન્તરાત્મને** પ્રસંગ;
સાધી **પરમાત્મ** અંગ, જંગ ત્યાં જગાડીએ. જાવું.

( ૧૧ )

કોયડો અકલિત એહ, ઉકેલ કરણ દિવ્ય દેહ;
અનુભવે **પ્રકાશ** પરમ, **પ્રેમથી** નિહાળીએ. જાવું.

**વેલચંદ ધનજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ

# શ્રી તીર્થંકર ચરિત્ર.

## શ્રી ભગવતી સૂત્ર.

( ગતાંક પૃષ્ઠ ૧૧૦ થી શરૂ. ]

હે દેવાનુપ્રિયો ! તમે શીઘ્ર જાઓ, અને અષ્ટાંગ મહાનિમિત્તના સૂત્ર અને અર્થને ધારણ કરનારા, અને વિવિધ શાસ્ત્રમાં કુશળ એવા સ્વપ્નલક્ષણ પાઠકોને બોલાવો. ત્યારબાદ તે કૌટુંબિક પુરૂષો યાવત્ આજ્ઞાનો સ્વીકાર કરીને બળરાજાની પાસેથી નીકળે છે; નીકળીને સત્વર, ચપળપણે ઝપાટાબંધ અને વેગ સહિત **હસ્તિનાપુર** નગરની વચોવચ જ્યાં સ્વપ્નલક્ષણ પાઠકોના ઘરો છે ત્યાં જઇને સ્વપ્નલક્ષણ પાઠકોને બોલાવે છે. જ્યારે તે બલરાજાના કૌટુંબિક પુરૂષોએ તે સ્વપ્નલક્ષણ પાઠકોને બોલાવ્યા ત્યારે તેઓ પ્રસન્ન થયા, તુષ્ટ થયા અને સ્નાન કરી, **બલિકર્મ** કરી, શરીરને અલંકૃત કરી, મસ્તકે તિલક અને લીલી ધરોનું મંગળ કરી પોતપોતાના ઘેરથી નીકળે છે. નીકળીને હસ્તિનાગપુર નગરની વચ્ચે થઇ જ્યાં બળરાજાનું ઉત્તમ મહાલય છે ત્યાં આવે છે, ત્યાં આવીને શ્રેષ્ઠ મહાલયના દ્વાર પાસે તે તે સ્વપ્નપાઠકો એકઠા થાય છે. એકઠા થઇને જ્યાં બહારની ઉપસ્થાનશાળા છે ત્યાં આવે છે, ત્યાં આવી હાથ જોડી બળરાજાને **જય** અને **વિજયથી** વધાવે છે. ત્યારબાદ તે બળરાજાએ વાંદેલા, પૂજેલા, સત્કારેલા અને સંમાનિત કરેલા તે સ્વપ્નલક્ષણ પાઠકો પૂર્વે ગોઠવેલા ભદ્રાસનો ઉપર બેસે છે. ત્યારપછી તે બલરાજા પ્રભાવતી દેવીને જવનિકાની પડદાની અંદર બેસાડે છે. ત્યારબાદ પુષ્પ અને ફળથી પરિપૂર્ણ હસ્તવાળા તે બળરાજાએ અતિશય વિનયપૂર્વક તે સ્વપ્નલક્ષણ પાઠકોને આ પ્રમાણે કહ્યું કે--' હે દેવાનુપ્રિયો ! એ પ્રમાણે ખરેખર આજે પ્રભાવતીદેવીને તેવા પ્રકારના વાસગૃહમાં યાવત્ સ્વપ્નમાં સિંહને જોઇને જાગેલ છે, તો હે દેવાનુપ્રિયો ! આ ઉદાર એવા સ્વપ્નનું બીજું કયું કલ્યાણરૂપ ફળ અને વૃત્તિ વિશેષ થશે ? ત્યારપછી તે સ્વપ્નલક્ષણ પાઠકો બળરાજાની પાસેથી એ વાત સાંભળી તથા અવધારી ખુશ અને સંતુષ્ટ થઈ તે સ્વપ્ન સંબન્ધે સામાન્ય વિચાર કરે છે. સામાન્ય વિચાર કરી તેનો વિશેષ વિચાર કરે છે અને પછી તે સ્વપ્નના અર્થનો નિશ્ચય કરે છે અને ત્યારબાદ તેઓ પરસ્પર સાથે વિચારણા કરે છે. ત્યારપછી તેઓએ સ્વપ્નના અર્થને સ્વયં જાણી બીજા પાસેથી ગ્રહણ કરી તે સંબંધી શંકાને પૂછી, અર્થનો નિશ્ચય કરી સ્વપ્નના અર્થને અવગત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી બળરાજાની આગળ સ્વપ્નશાસ્ત્રોનો ઉચ્ચાર કરતાં તેઓએ આ પ્રમાણે કહ્યું: ' હે દેવાનુપ્રિય ! એ પ્રમાણે ખરેખર અમારા સ્વપ્નશાસ્ત્રમાં **બેંતાળીશ** સામાન્ય સ્વપ્નો અને **ત્રીશ** મહા સ્વપ્નો મળીને કુલ **બહોંતેર** જાતના સ્વપ્નો કહેલાં છે. તેમાં હે દેવાનુપ્રિય ! **તીર્થંકરની** માતાઓ કે **ચક્રવર્તી**ની માતાઓ જ્યારે તીર્થંકર કે ચક્રવર્તિ ગર્ભમાં આવીને ઉપજે ત્યારે એ ત્રીશ મહા સ્વપ્નોમાંથી આ **ચૌદ** સ્વપ્નોને જોઇને જાગે છે. તે ચૌદ સ્વપ્નો આ પ્રમાણે છે – " ૧ હાથી, ૨ બળદ, ૩ સિંહ, ૪ લક્ષ્મીનો અભિષેક, ૫ પુષ્પમાળા, ૬ ચંદ્ર, ૭ સૂરજ, ૮ ધ્વજા, ૯ કુંભ, ૧૦ પદ્મસરોવર, ૧૧ સમુદ્ર, ૧૨ વિમાન અથવા ભવન, ૧૩ રત્નનો ઢગલો અને ૧૪ અગ્નિ " વળી **વાસુદેવની** માતાઓ જ્યારે વાસુદેવ ગર્ભમાં આવે ત્યારે એ ચૌદ મહા સ્વપ્નોમાંના કોઇ પણ **સાત** મહા સ્વપ્નો જોઇને જાગે છે. તથા **બળદેવની** માતાઓ જ્યારે બળદેવ ગર્ભમાં પ્રવેશ કરે ત્યારે એ ચૌદ મહા સ્વપ્નોમાંના કોઇપણ **ચાર** મહાસ્વપ્નોને જોઇને જાગે છે. **માંડલિક** રાજાની માતાઓ જ્યારે માંડલીક રાજા ગર્ભમાં પ્રવેશ કરે ત્યારે એ ચૌદ મહા સ્વપ્નોમાંના કોઇ **એક** મહા સ્વપ્ન જોઇને જાગે છે. તો હે દેવાનુપ્રિય ! આ પ્રભાવતી દેવીએ **એક** મહાસ્વપ્ન જોયું છે. હે દેવાનુપ્રિય! પ્રભાવતી દેવીએ ઉદાર સ્વપ્ન જોયું છે, યાવત્ આરોગ્ય, તુષ્ટિ યાવત્ મંગળ કરનાર સ્વપ્ન જોયું છે. તેથી હે દેવાનુપ્રિય ! તમને અર્થલાભ થશે, ભોગલાભ થશે, પુત્રલાભ થશે અને રાજ્યલાભ થશે તથા હે દેવાનુપ્રિય ! એ પ્રમાણે ખરેખર પ્રભાવતી દેવી નવ માસ સંપૂર્ણ થયા પછી અને સાડાસાત દિવસ વીત્યા પછી તમારા કુળમાં ધ્વજ સમાન એવા પુત્રનો જન્મ આપશે. અને તે પુત્ર પણ બાલ્યાવસ્થા મૂકી મોટો થશે ત્યારે, તે રાજ્યનો પતિ–રાજા થશે, અથવા **ભાવિતાત્મા સાધુ** થશે. તેથી હે દેવાનુપ્રિય ! પ્રભાવતી દેવીએ ઉદાર સ્વપ્ન જોયું છે યાવત્ આરોગ્ય, તુષ્ટિ, દીર્ઘાયુષ તથા કલ્યાણ કરનાર સ્વપ્ન જોયું છે.

ત્યારબાદ તે બળરાજા સ્વપ્નલક્ષણ પાઠકો પાસેથી એ વાતને સાંભળી અને અવધારી હર્ષિત અને સંતુષ્ટ થયો. અને હાથ જોડી યાવત્ તેણે સ્વપ્નલક્ષણ પાઠકોને આ પ્રમાણે કહ્યું–' હે દેવાનુપ્રિયો ! આ એ પ્રમાણે છે કે, જે તમે કહો છો,–એમ કહી તે સ્વપ્નોનો સારી રીતે સ્વીકાર કરે છે. ત્યારબાદ સ્વપ્નલક્ષણ પાઠકોનો પુષ્કળ અશન, પાન, ખાદિમ, પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા અને અલંકારોવડે સત્કાર કરે છે, તેમ કરીને જીવિકાને ઉચિત ઘણું **પ્રીતિદાન** આપે છે. અને પ્રીતિદાન આપીને તે સ્વપ્નલક્ષણ પાઠકોને રજા આપે છે. ત્યાર પછી પોતાના સિંહાસનથી ઉઠે છે, ઉઠીને જ્યાં પ્રભાવતી દેવી છે ત્યાં આવી પ્રભાવતી દેવીને તેણે તે પ્રકારની ઇષ્ટ, મનોહર મધુર વાણીવડે સંલાપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતા કરતા આ પ્રમાણે કહ્યું–હે દેવાનુપ્રિયે ! એ પ્રમાણે ખરેખર સ્વપ્નશાસ્ત્રમાં બેંતાલીશ સાધારણ સ્વપ્નો અને ત્રીશ મહા સ્વપ્નો તથા બધા મળીને બહોંતેર સ્વપ્નો દેખાડયા છે. તેમાં હે દેવાનુપ્રિયે, તીર્થંકરની માતાઓ કે ચક્રવર્તિની માતાઓ ઇત્યાદિ, પૂર્વવત્ કહેવું. યાવત્....કોઈ એક મહાસ્વપ્નને જોઇને જાગે છે. હે દેવાનુપ્રિયે, તમે આ એક મહા સ્વપ્ન જોયું છે, હે દેવી, તમે ઉદાર સ્વપ્ન જોયું છે, યાવદ્...રાજ્યનો પતિ–રાજા થશે કે ભાવિતાત્મા **અનગાર** થશે. હે દેવી, તમે ઉદાર સ્વપ્ન જોયું છે, મંગળકર સ્વપ્ન જોયું છે, એમ કહી પ્રભાવતી દેવીની તે પ્રકારની ઇષ્ટ, કાંત, પ્રિય, એવી મધુર વાણીવડે બે વાર અને ત્રણ વાર પણ પ્રશંસા કરે છે.

ત્યારબાદ તે પ્રભાવતી દેવી બલ રાજાની પાસેથી એ વાતને સાંભળીને અવધારીને હર્ષવાળી, અને સંતુષ્ટ થઇ હાથ જોડી આ પ્રમાણે બોલી– હે દેવાનુપ્રિય, એ એ પ્રમાણેજ છે, એમ કહી, તે સ્વપ્નને સારી રીતે ગ્રહણ કરે છે, ત્યાર પછી બલ રાજાની અનુમતિથી અનેક પ્રકારના મણિ અને રત્નની કારીગરીથી યુક્ત તથા વિચિત્ર એવા તે ભદ્રાસનથી ઉઠી ત્વરા રહિત, અચપલ પણે હંસ સમાન ગતિ વડે જ્યાં પોતાનું ભવન છે ત્યાં આવી, તેણે પોતાના ભવનમાં પ્રવેશ કર્યો.

ત્યારબાદ તે પ્રભાવતી દેવી સ્નાન કરી, બલિકર્મ કરી, સર્વ અલંકારથી વિભૂષિત થઇને ગર્ભને અતિ શીત નહી, અતિ ઉષ્ણ નહિ, અતિ તિકત નહિં, અતિ કટુ નહિ, અતિ તુરા નહિ, અતિ ખાટાં નહિ, અને અતિ મધુર નહિ, એવા તથા દરેક ૠતુમાં ભોગવતાં સુખકારક એવા ભોજન, આચ્છાદન, ગંધ અને માળા વડે તે ગર્ભને હિતકર, મિત, પથ્ય અને પોષણરૂપ છે તેવા આહારને યોગ્ય દેશ અને યોગ્ય કાળે ગ્રહણ કરતી, તથા પવિત્ર અને કોમળ શયન અને આસનવડે એકાન્તમાં સુખરૂપ અને મનને અનુકૂલ એવી વિહાર ભૂમિવડે પ્રશસ્ત દોહદવાળી, સંપૂર્ણ દોહદવાળી, સન્માનિત દોહદવાળી, જેનો દોહદ તિરસ્કાર પામ્યો નથી એવી, દોહદ રહિત, દૂર થયેલા દોહદવાળી, તથા રોગ, મોહ, ભય અને પરિત્રાસ રહિત તે **ગર્ભને** સુખપૂર્વક ધારણ કરે છે. ત્યારબાદ તે પ્રભાવતી દેવીએ **નવ માસ** પૂર્ણ થયા પછી અને સાડા સાત દિવસ વીત્યા પછી સુકુમાલ હાથ પગવાળા અને દોષ રહિત પ્રતિપૂર્ણ પંચેન્દ્રિય યુકત શરીરવાળા, તથા લક્ષણ વ્યંજન અને ગુણથી યુકત, યાવત્ ચંદ્ર સમાન સૌમ્ય આકારવાળા, કાંત, પ્રિયદર્શન અને સુંદર રૂપવાળા **પુત્રને** જન્મ આપ્યો.

ત્યારબાદ તે પ્રભાવતી દેવીની સેવા કરનાર **દાસીઓએ** તેને પ્રસવ થયેલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણી, જ્યાં બલ રાજા છે ત્યાં આવી હાથ જોડી બલ રાજાને જય અને વિજયથી વધાવીને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિય! એ પ્રમાણે ખરેખર પ્રભાવતી દેવીની પ્રીતિ માટે આ (પુત્ર જન્મરૂપ) **પ્રિય નિવેદન** કરીએ છીએ. અને તે આપને પ્રિય થાઓ. ત્યારબાદ તે બળરાજા શરીરની શુશ્રુષા કરનાર દાસીઓ પાસેથી એ વાત સાંભળી અવધારીને હર્ષિત અને સંતુષ્ટ થઇ મેઘની ધારાથી સિંચાયેલા કદંબકના પુષ્પની પેઠે રોમાંચિત થઇ તે અંગરક્ષિકા દાસીઓને **મુકુટ** સિવાય પહેરેલ સર્વ **અલંકાર આપે છે.** આપીને તે રાજા શ્વેત રજતમય અને નિર્મલ પાણીથી ભરેલા કળશને લઇ તે દાસીઓના **મસ્તક** ધુએ છે. મસ્તકને ધોઇને તેઓને જીવિકાને ઉચિત ઘણું **પ્રીતિદાન** આપી સત્કાર અને સન્માન કરી વિસર્જિત કરે છે.

ત્યારબાદ તે બળ રાજાએ કૌટુંબિક પુરૂષોને બોલાવી આ પ્રમાણે કહ્યું–હે દેવાનુપ્રિય તમે શીઘ્ર હસ્તિનાપુર નગરમાં **કેદીઓને** મુકત કરો, મુક્ત કરીને **માન** (માપ) અને **ઉન્માનને** (તોલાને) વધારો; ત્યારબાદ હસ્તિનાપુર નગરની બહાર અને અંદરના ભાગમાં **છંટકાવ** કરો, સાફ કરો, સંમાર્જિત કરો અને **લીંપો**. તેમ કરી અને કરાવીને સહસ્ર **ધોંસરાનો** અને સહસ્ર **ચક્રોનો** પૂજા, મહા મહિમા અને સત્કાર કરો. એ પ્રમાણે કરી મારી આ આજ્ઞા પાછી આપો. ત્યારબાદ તે બલ રાજાના કહેવા પ્રમાણે કરી તે કૌટુંબિક પુરૂષો તેની આજ્ઞા પાછી આપે છે. ત્યારપછી તે બલરાજા જ્યાં **વ્યાયામશાળા** છે ત્યાં આવે છે ત્યાં આવીને ઇત્યાદિ પૂર્વવત્ કહેવું. યાવદ્....સ્નાન ગૃહથી બહાર નીકળી જકાત રહિત, કર રહિત, પ્રધાન, ( વિક્રયનો નિષેધ કરેલો હોવાથી ) આપવા યોગ્ય વસ્તુ રહિત, માપવા યોગ્ય વસ્તુરહિત, મેય રહિત, સુભટના પ્રવેશ રહિત, દંડ તથા કુદંડ રહિત, ( રૂણ મુકત કરેલું હોવાથી ) દેવા રહિત, ઉત્તમ ગણીકાઓ અને નાટકીયાઓથી યુકત અનેક તાલાનુચરોવડે યુકત, નિરંતર વાગતાં મૃદંગો સહિત તાજાં પુષ્પોની માલા યુકત પ્રમોદ સહિત અને ક્રીડા યુકત એવી **સ્થિતિ પતિના** (પુત્ર જન્મ મહોત્સવ) પુર અને દેશના લોકો સાથે મળીને દશ દિવસ સુધી કરે છે. ત્યારબાદ દસ દિવસ સુધી સ્થિતિપતિતા–ઉત્સવ ચાલુ હતો ત્યારે તે બલરાજા સો રૂપીયાના હજાર રૂપિયાના અને લાખ રૂપિયાના ખર્ચવાળા ભાગો, દાનો અને દ્રવ્યના અમુક ભાગોને દેતો અને દેવરાવતો. તથા સો રૂપિયાના, હજાર રૂપિયાના તથા લાખ રૂપિયાના લાભને મેળવતો, મેળવાવતો એ પ્રમાણે રહે છે. ત્યાર બાદ તે છોકરાના માતા પિતા **પ્રથમ** દિવસે સ્થિતિ પતિતા કુલની મર્યાદા પ્રમાણે **ક્રિયા** કરે છે, **ત્રીજે** દિવસે **ચંદ્ર** અને **સૂર્યનું** દર્શન કરાવે છે, **છઠે** દિવસે ધર્મ **જાગરણ** કરે છે,

( ચાલુ ).

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અધ્યાત્મજ્ઞાન નિરૂપણ પ્રશ્નોત્તર.

( ગતાંક પૃષ્ઠ ૧૧૮ થી શરૂ. )

## અઢારમો અધિકાર.

નિરાકાર સિદ્ધ ભગવંતની પ્રતિમા પણ સાક્ષાત્ સિદ્ધની પેઠે સ્વચિત્તાશય (હૃદય) માં ચિંતવેલી આશાને નિઃશંકપણે વિસ્તારે છે. સ્થાપના જે છે તે સ્વચિત્તથી કલ્પાય છે. તે સત્ અથવા અસત્ (વિદ્યમાન અથવા અવિદ્યમાન) વસ્તુની ભલે હો. સર્વ સ્થાપના સેવતી વખતે જેવા પોતાના ભાવ હોય તેવું ફલ આપે છે એમાં સંશય નથી. લોકમાં પણ અનાકાર વસ્તુનો આકારભાવ બતાવાય છે. જેમકે, *આ ભગવંતની આજ્ઞા છે. એનું જે ઉલ્લંઘન કરે તે સાધુ નહિ અને જે ઉલ્લંઘન ન કરે તે સાધુ. આમ્નાય-(આગમ અથવા મંત્ર) શાસ્ત્રમાં પણ આ વાયુ મંડળ અને આ આકાશ મંડળ એવી આકૃતિ લેખાય છે. વિચારશાસ્ત્રમાં પણ સ્વરોદયનાં પૃથ્વી, અપ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વો આકૃતિ કાઢીને બતાવાય છે. આ દૃષ્ટાન્તોમાં જેમ અનાકાર વસ્તુ સાકાર બતાવવામાં આવે છે તેમ નિરાકાર સિદ્ધનો પણ આકાર-પ્રતિમા ભલે હો, વળી દેખો! લોકમાં પૂર્વે જે મહાત્મા લબ્ધવર્ણ (સાક્ષર-વિદ્વાન્) થઇ ગયા તેમણે આકૃતિ વિનાના વર્ણોને સ્વચિત્તની કલ્પનાથી આ 'ક', આ 'ખ', એવી રીતે પ્રત્યેકને નામ દઇને સાકાર બનાવ્યા છે. જો તેમ ન હોત અને વર્ણો નિયત હોત તો સર્વની આકૃતિ સરખી હોત; પણ તેમ છે નહિ. ભિન્ન ભિન્ન જ વર્ણાકૃતિ છે. કોઇ તુલ્ય નથી, વિશ્વમાં જેટલાં રાષ્ટ્ર (દેશ) છે તે સર્વમાં વર્ણાકૃતિ જૂદી જૂદી છે પણ વ્યક્તિ-(પઠન) સમયે ઉપદેશ તો સરખો થાય છે અને કાર્ય પણ સરખું થાય છે. એ સર્વ લિપિયોને મિથ્યા કરવાને કોઇ સમર્થ નથી. જેમનામાં જે લિપિ સિદ્ધ છે તે તે લિપિવડે ફલવિધાન કરે છે. વધારે શું? જેવી રીતે બુધ પુરૂષોએ આકાર રહિત અક્ષરની આકૃતિ કરી તેની સ્થાપના પોતપોતાનો સુગુપ્ત [મનમાં રહેલી] આશય જણાવવા માટે જૂદી જૂદી કરી છે અને જેવી રીતે રાગદારીના જાણકારોએ રાગો પણ શબ્દરૂપ હોવાથી આકાર રહિત છતાં તે સર્વની સાકાર સ્થાપના રાગમાલા નામના પુસ્તકમાં કરી છે, તેવીજ રીતે સત્પુરૂષો અનાકાર પરમેશ્વરનો આકાર કલ્પીને

* આ દૃષ્ટાંતમાં ભગવંતનો પ્રતાપ અમૂર્ત છે અને તેની આજ્ઞા પણ અમૂર્ત છે તોપણ સત્પુરૂષો તેની રેખા [આકૃતિ] કલ્પે છે-પર્યાયકાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે જે શુભ આશયથી પૂજે છે તે સર્વ આશય પ્રાયઃ તેમને ફલે છે. અલિપ્ત ( રાગ દ્વેષ રહિત ) પરમેશ્વરને જેમ પૂજા લાગતી નથી તેમ નિંદા પણ લાગતી નથી. જેવી તે કરે તેવીજ તે સ્વકીય આત્માને લાગે છે. વજ્રમયી દીવાલમાં કોઇ પુરૂષ મણિ ફેંકે અથવા પથ્થર ફેંકે તો તે બંને ક્ષેપક [ફેંકનાર] ના ભણીજ પાછા જાય, તેને છોડીને કદી બીજે જાય નહિ. કોઇ પૃથિવી ઉપર ઉભો રહીને સૂર્યની સામે રજ ફેંકે અથવા કર્પૂર ફેંકે તો તે સર્વ એના સન્મુખ જ આવે સૂર્ય તરફ કિંવા આકાશ તરફ કંઇ જાય નહિ, કોઈ સાર્વભૌમ [ ચક્રવર્તી ] રાજાની સ્તવના કરે તો તે કરનારને જ ફલ થાય અને કોઇ નિંદા કરે તોપણ તે કરનાર જ જનસમૂહ સમક્ષ દુઃખી થાય. સાર્વભૌમ રાજાને સ્તુતિથી કંઇ અધિક થતું નથી તેમ નિંદાથી કંઇ ઓછું પડતું નથી. તેવીજ રીતે પ્રભુને સ્તુતિથી અથવા નિંદાથી કંઇ આધિકય કે હાનિ થતાં નથી. વળી કોઇ અપથ્ય આહાર લે તો તે લેનાર દુઃખ ભોગવે છે અને પથ્ય આહાર લે તો તે [ લેનાર ] સુખ ભોગવે છે. આહારમાં વપરાયલી વસ્તુને કંઈ થતું નથી. તેજ પ્રમાણે સિદ્ધની પૂજા તે-[ પૂજા ] ના કરનાર આત્માને લાભકારી થાય છે.

## ઓગણીસમો અધિકાર.

**પ્રશ્ન**—સિધ્ધ પરમેશ્વરની પૂજા, પૂજા કરનારને–પોતાને ફળદાયી છે એ કથન યોગ્ય છે, પણ જેમ ચિંતામણિ પ્રમુખ પદાર્થો સ્વપૂજકોને તત્કાલ અહીંજ ફળ આપે છે તેમ પરમેશ્વરની પ્રતિમાની પૂજા તૂર્ત અહીં ફળતી નથી તેનું શું કારણ ?

**ઉત્તર**—એ બાબત સ્થિરચિત્તે વિચાર કરવા જેવી છે. જે વસ્તુને ફળવાનો જે કાળ હોય તે કાળે જ તે વસ્તુ ફળે છે. અત્ર દૃષ્ટાંત. ગર્ભ વહેલો નહિ પણ પ્રાયઃ નવ મહિને પ્રસૂતિ પામે છે. મંત્રવિદ્યા કોઇ લક્ષ જાપે તો કોઇ કોટિ જાપે ફળે છે. વનસ્પતિઓ પણ આપણી ઉતાવળે નહિ પણ સ્વકીય ( પોતાના ) કાળે ફળે છે. કહેવત છે કે ઉતાવળે આંબા પાકે નહિ. કોઇ ચક્રવર્તિની અથવા ઇન્દ્રાદિની સેવા કરી હોય તે પણ કાળે કરી ફળે છે. પારો સિધ્ધ કરવા માંડયો હોય તે સાધ્યમાન દશામાં નહિ પણ કાળે કરી સિધ્ધ થાય ત્યારે જ ફળ આપે છે. દેશનાં બીજાં વ્યવહારિક કામો પણ તેનો કાળ પરિપૂર્ણ થાય છે ત્યારે જ સિદ્ધ થાય છે. તેવી રીતે અહીં કરેલી પૂજાદિકનું પુણ્ય સ્વકાલ *ભવાન્તરમાં જ ફળદાયી થાય છે. માટે ફળ દેનારા પદાર્થોના સંબંધમાં દક્ષ ( સમજુ ) પુરૂષોએ ઉત્સુકતા ( આતુરતા ) રાખવી યોગ્ય નથી.

* આ કથન યથાસ્થિત ભાવ સહિત કરેલી દ્રવ્યપૂજાના મહત્ ફલને ઉદ્દેશી સમજવું. સામાન્ય પૂજાનું સામાન્ય ફળ તો અહીં–આ ભવમાં પણ મળી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિંતામણી પ્રમુખ પદાર્થો ઐહિક છે અને ઐહિક-તુચ્છ ફળને દેવાવાળા છે. તેથી તે પરભવમાં નહિ પણ આ મનુષ્યભવ જે પ્રાયઃ તુચ્છ કાળનો હોય છે તેમાં ફળે છે. પરંતુ પૂજાના પુણ્યથી થનારૂં ફળ મોટું હોય છે, તેથી તે બહુ-કાલ સુધી ભોગવવા યોગ્ય થાય છે અને બહુકાલ દેવાદિ સંબંધી ભવાન્તર વિના વર્તતો નથી. માટે એ પુણ્યનું ફળ પ્રાયઃ પરજન્મમાં ગયા પછી જીવને ઉદયમાં આવે છે. જો આ જન્મમાં પુણ્યનું ફળ ઉદયમાં આવે તો તે જલદી નાશ પામે. કેમકે મનુષ્યનું આયુષ્ય પ્રાયઃ અતીવ તુચ્છ હોય છે અને મનુષ્ય-દેહ વિનશ્વર-નાશવંત છે તેથી મહત્ પુણ્યનું ફળ આ ભવમાં ભોગવતાં વચમાં મૃત્યુ આવવાથી ટુટી (તુટી) જવાનો ભય રહે છે. મધ્યમાં દુઃખની ઉત્પત્તિ હમેશ મહત્તર દુઃખને માટે થાય છે. અર્થાત્ મૃત્યુ જેવું અતિશય ભીતિદાયક કંઇ નથી. જે પૂજાના પુણ્યનું એવું મહત્ ફળ ભોગવતાં થવું યુકત નથી. માટે પૂજાનું પુણ્ય પ્રાયઃ અન્ય જન્મમાં ફળે છે. જેમ અનેક પ્રકારે પરિશ્રમ વેઠી ઉત્પન્ન કરેલી વસ્તુ ઘણા કાળ સુધી અનેક પ્રકારે ઉપભોગમાં આવવા છતાં પણ ક્ષય પામતી નથી તેમ પૂજાદિનું પુણ્ય ભોગવ્યા છતાં એ પ્રાયઃ બીજા જન્મમાં ઉદયમાં આવે છે. અતિ ઉગ્ર પુણ્ય સાક્ષાત્ અહીંજ ફલ આપે છે. જુઓ લોકમાં કહેવાય છે કે જે સત્યવાદી હોય છે તે ગમે તેવા દિવ્ય (ભયં-કર પ્રતિજ્ઞા) માં કંચનની પેઠે સંશુદ્ધ નીકળી જાય છે. જેમ કોઇ શુદ્ધ સિદ્ધ પુરૂષને અથવા સાધુ પુરૂષને સ્વલ્પ પણ આપ્યું હોય તો તે સકલ ( સર્વ ) અર્થની સિદ્ધિને માટે થાય છે. અર્થાત્ આ લોક પરલોક સંબંધી સર્વ સુખનું કારણ અને અનુક્રમે સંસારના બંધનને છોડાવનારૂં થાય છે અને જેમ કોઇ અનુત્તર ( સર્વોત્તમ ) રાજપુત્રાદિને કોઈ પ્રસંગે એકાદિવાર જરા સરખું આપ્યું હોય તો તે આપનારની ઇષ્ટ સિદ્ધિ કરે છે વધારે શું ? દુષ્ટ પ્રતિપક્ષી તરફથી થતા મૃત્યન્ત ( મરણાંત ) કષ્ટમાંથી પણ તેનું રક્ષણ કરે છે; તેમ કોઇ અવ-સરે એકાદિવાર પૂજાદિથી મહત્ પુણ્ય ઉપાર્જન કર્યું હોય તે આ લોક તથા પરલોકમાં સત્ય સુખની પરંપરા પ્રાપ્ત કરવામાં હેતુ થાય છે. *શાલિભદ્રના

* વિક્રમ સંવત્ પૂર્વે ૫૪૨-૪૭૦ ના અરસામાં મગધદેશના રાજગૃહ નગરમાં શ્રેણિક ( બંભસાર ) ના રાજ્યમાં ગોભદ્ર નામે શેઠ રહેતા હતા. તેને ભદ્રા નામની સ્ત્રીથી શાલિ-ભદ્ર નામે પુત્રનો જન્મ થયો હતો. શાલિભદ્ર પૂર્વભવમાં શાલિગ્રામને વિષે ધન્યા નામની ગરીબ સ્ત્રીનો સંગમ નામે પુત્ર હતો. કોઇએક પર્વના દિવસે પાડોશીઓને ઘેર ખીર રંધાતી જોઇ સંગમને તે ખાવાનું મન થયું. પાડોશણોના જાણવામાં એ વાત આવવાથી તેમણે આપેલા દુધ ચોખા સાકર અને ઘીથી ધન્યાએ ખીર બનાવી અને થોડી સંગમને પીરસી બહાર ગઇ. એટલામાં કોઇ એક મહીનાના ઉપવાસી સાધુ ત્યાં ભિક્ષાર્થે આવી પહોંચ્યા. સંગમે તે મુનિને ભાવ સહિત પોતાના ભાજનમાંથી ખીર વહોરાવી દીધી અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવની પેઠે અથવા ચોરની પેઠે એક પુરૂષે ઉપાર્જન કરેલું અતીવ ઉગ્ર પુણ્ય અથવા પાપ અનેક પુરૂષોના ભોગને માટે પણ થાય છે. જેમકે રાજાની સેવા કરનાર પરિવાર સહિત સુખી થાય છે અને રાજાનો અપરાધ કરનાર પરિવાર સહિત માર્યો જાય છે.

જો એ પ્રકારે પરમેશ્વરની પૂજાદિનું પુણ્ય સર્વ પ્રકારના સ્વાર્થને સાધનારૂં છે તો જન સમૂહ તેનો જ આદર કરો. પરમેશ્વરના નામનો જાપ કરવામાં શામાટે પ્રવૃત્તિ કરવી ?

મહા પુરૂષોએ એવી યોજના કરવામાં પણ વિવેક જ કર્યો છે. ગૃહસ્થો જે સમર્થ છે તે દ્રવ્ય અને ભાવ બંને પ્રકારની પૂજાના અધિકારી છે. પરંતુ જે મહાન્ યોગીઓ દ્રવ્ય-પરિગ્રહ વિના આ સંસારમાં સદા શોભે છે તેમને માટે પરમેશ્વરનું નામસ્મરણ જ યુક્ત છે તેનાથી તેમનો સર્વ સ્વાર્થ સિદ્ધ થાય છે. જેમ ઝેરી જનાવરના વિષથી મૂર્છા પામેલા જીવોનુ વિષ બીજાએ કરેલા ગારૂડ-હંસ-જાંગુલી મંત્રના જાપથી ઉતરી જાય છે તેમ તત્ત્વ નહિ જાણનારનું પાપ પણ પરમેશ્વરના નામ સ્મરણથી નાશ પામે છે. બીજી એક વાત લોકમાં એવી પ્રસિદ્ધ છે કે હુમાય નામનું પક્ષી અસ્થિભક્ષી (હાડકા ખાનારૂં) છતાં સતત (સદા કાળ) જીવની રક્ષા કરે છે. તે ઉડતું ઉડતું જતું હોય ત્યારે જે મનુષ્યના મસ્તક ઉપર તેની છાયા પડે તે રાજા થાય છે. આ દૃષ્ટાંતમાં હુમાય પક્ષી જાણતું નથી કે હું અમુકના મસ્તક ઉપર છાયા કરૂં છું તેમજ જેના મસ્તક ઉપર છાયા થાય છે તે પણ જાણતો નથી કે મારા મસ્તક ઉપર હુમાયપક્ષી છાયા કરે છે. એ રીતે બંને અજ્ઞાન છે તથાપિ હુમાયપક્ષીની છાયાના માહાત્મ્યના ઉદયથી તે મનુષ્યને દરિદ્રતાનું હરણ કરનાર અધીશતા ( રાજ્ય ) ઉદય પામે છે અર્થાત્ તે રાજા થાય છે. એમ આ દૃષ્ટાંતમાં ઉભય અજાણ છતાં એ પ્રકારે સિદ્ધિ પામે છે તેમ પરમેશ્વરના નામસ્મરણથી પાપ કેમ ન જાય ? અર્થાત્ જાય જ. પાપ જાય એટલે સર્વતઃ ( સર્વ પ્રકારે ) આત્મશુદ્ધિ થાય. આત્મશુદ્ધિ થાય એટલે પરમાત્મબોધ-ઉત્કૃષ્ટાત્મજ્ઞાન થાય. પરમાત્મબોધ થાય એટલે કોઇ પ્રકારનો કર્મબંધ ન થાય અર્થાત્ કર્મનો પ્રણાશ થાય. કર્મપ્રણાશ થાય એટલે મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થાય. મોક્ષ થાય એટલે અક્ષય સ્થિતિ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખ અને એકસ્વભાવતા થાય. અર્થાત્ સજ્જયોતિ જાગૃત થાય.

( ચાલુ )

મનમાં બહુ હર્ષ પામ્યો. તે પુણ્યના યોગે તે મરીને શાલિભદ્ર થયો હતો અને તેના પિતા ગોભદ્ર શેઠ જે દીક્ષા લઇ મરીને દેવતા થયા હતા તે દરરોજ તેને માટે અને તેની સ્ત્રિ-આદિ પરિવારને માટે નવાં નવાં દિવ્ય આભૂષણાદિ મોકલતા હતા.—જૈન શાસ્ત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મૈત્રી ભાવનાનો અનુક્રમે થતો વિકાસ-વિસ્તાર.

( સદ્દગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી મ૦ )

Charity begins at Home મૈત્રીભાવની ખરી શરૂઆત પોતાના ઘરથી થવા પામે છે, અને તે પ્રેમભાવથી સાધી શકાય છે. જેના દીલમાં સાચો પ્રેમ જાગે છે તે ભાઇ-બ્હેનો ગમે તેવી સ્થિતિમાં ઘરમાંના અન્ય કુટુંબી જનોને અનેક રીતે સંતોષી શકે છે. એટલે એવા પ્રેમી ભાઇ-બ્હેનના કુશળ વર્તનથી ઘરમાંના સહુ કોઇ રાજી-પ્રસન્ન રહે છે, તેથી તેમનો ઉત્સાહ વધતો જાય છે. અનુક્રમે તેવા પ્રેમનો વિસ્તાર કુટુંબ, જ્ઞાતિ, દેશ સમાજ પ્રત્યે અધિકાધિક કરતાં અને તેમાં સુમધુર ફળ-પરિણામ મળતાં **વસુધૈવ કુટુમ્બકમ્** એવી **વિશ્વભાવના** તેમનામાં પ્રગટે છે. એમ પૂર્વ મહાપુરૂષોનાં તેમજ વર્તમાન કોઇ વિરલ મહાત્માઓના સુચરિત્રો ઉપરથી જોઇ-જાણી-સમજી શકાય છે.

शिवमस्तु सर्व जगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवन्तु लोकाः ॥

"સર્વ જગતના જીવોનું કલ્યાણ-મંગળ થાવ! સર્વ જીવો પરોપકાર રસિક બનો! અહંતા-મમતા કહો કે રાગ દ્વેષ મોહાદિક દોષો જેને લઇને જીવો અનેક પાપાચરણ કરતા રહે છે તેમનો લોપ થાવ! અને સમ સર્વત્ર સહુ કોઇ સુખી થાવ!! એવી ઉદાર ભાવના વિશ્વભાવનાનું જ પરિણામ લાગે છે. તેમજ "સર્વ કોઇ જીવો સુખી થાવ! સર્વે કોઇ નિરોગી થાવ! સર્વે કોઇ મંગળને પામો, કોઇ પણ દુઃખ ન પામો અથવા દુઃખના કારણરૂપ પાપાચરણથી ડરતા રહો! આવી આવી ઉદાત્ત ભાવનાઓ તથાવિધ શુદ્ધ-નિઃસ્વાર્થ વિશ્વભાવનાવાળા હૃદયમાંથી જાગવા પામે છે. એવી હૃદયસ્પર્શી ભાવનાભર્યા વચનોનો મર્મ વિચારી આપણે આપણી ક્ષુદ્ર સ્વાર્થબુદ્ધિને તજતાં શિખવું અને નિજ ઘરેથી મૈત્રી ભાવનાનો આદર કરી અનુક્રમે તેનો વિસ્તાર કરતાં રહી યાવત્ આપણામાં વિશ્વભાવના પ્રગટે એમ કરવું ઘટે. ઇતિશમ્

## મૈત્રીભાવનાનો સ્વીકાર કરવાયુક્ત છે.

અન્યના ક્રોધને ક્ષમા-સમતા ગુણથી જીતવો, દુષ્ટ-દુર્જનને સજ્જનતાથી જીતવો, સૂમ-કૃપણને દાનગુણે જીતવો અને અસત્યને સત્યથી જીતવું. તેવી રીતે અન્ય પ્રત્યેના વૈરભાવને મૈત્રી ભાવથી જીતી શકાય, એટલે નિર્વૈરતા આદરવાથી વૈર વિરોધ આપોઆપ શમી જાય. એ રીતે શત્રુ પણ જીતાઇ જાય છે અને શાન્તિ પ્રસરે છે. સંસાર ભ્રમણ કરતાં જીવે દરેક જીવની સાથે માબાપ, ભાઇ-બ્હેન, પુત્ર પુત્રી અને સ્રીપ્રમુખ અનેક જાતના સંબંધો અનંતીવાર બાંધ્યા છે. આવા પૂર્વલા સંબંધી જીવોને શત્રુ-વૈરી લેખવા એ કેવળ અયુકત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમની સાથે મૈત્રી–ભાવના જ ધારવી અને પોષવી ઘટે. જો આ ભવ અને પર-ભવનો હીસાબ ગણી એક બીજા સાથે ચાલતી આવતી વૈરપરંપરાનો અંતજ આણવો હોય તો સુજ્ઞ જનોએ ડહાપણથી દરેક પ્રસંગે મૈત્રીભાવનાનો જ આશ્રય લેવો ઘટે. જ્યાંસુધી એક બીજાસાથે ચાલતી વિષમતાવાળી દ્રષ્ટિ ડહાપણથી સુધારવામાં નહી આવે ત્યાંસુધી તેવી વૈર-પરંપરાનો અંત આવી શકે નહીં. શાસ્ત્રકારે ખાસ જણાવેલ છે કે—

એવી કોઇ જાતિ કે યોનિ ( ઉત્પત્તિસ્થાન ) નથી, એવું કોઈ સ્થળ કે કુળ નથી કે જ્યાં સર્વે જીવો અનંતી વાર જન્મ્યા ને મૂવા ન હોય. એ ભયંકર સ્થિતિમાંથી છુટવા મૈત્રીભાવના આદરવી ચુકત જ છે. સાચા દીલથી એકબીજાએ ક્ષમા માગવી અને આપવી. ઇતિશમ્.

## પ્રમોદ ભાવના.

ચંદ્રને દેખી ચકોર, મેઘ–ગર્જનાને સાંભળી મોર, વસંત ઋતુને પામીને વનરાજી, (વૃક્ષ લતાઓ) અને વર્ષાના નવા જળ બિંદુઓ પામીને ચાતક જેમ હર્ષ–સંતોષ પામે છે; તેમ સજ્જનો અન્યની અનેકવિધ સંપત્તિઓ દેખીને કે સાંભળીને આનંદિત થાય છે. હર્ષ-પ્રમોદ પામે છે. એમ કરવાથી નિજ ગુણનો વિકાસ સહેજે સધાય છે. એથી વિપરીત પરની ઇર્ષ્યા—અદેખાઈ કરનાર નિજગુણને પામી અધિકાધિક દુઃખી થવા પામે છે. પૂર્વનાં શુભ દ્રષ્ટાન્તો લક્ષમાં રાખી, ઇર્ષ્યા—અદેખાઇ કરવાની પડેલી કૂડી ટેવ સુખના અર્થી જનોએ જલ્દી સુધારવી અને ગુણગ્રાહી બની અન્યની ગુણ–સંપત્તિ જોઇ જાણીને દિલમાં રાજી પ્રમુદિત થવું.

## ' દયા, કરૂણા યા કોમળતા '

પરનું દુઃખ જોઇ તેને દૂર કરવા દીલમાં દયાની લાગણી થાય, કરૂણા ને કોમલતા પ્રગટે ને કોરી ભાવના રૂપે નહીં પણ સાચા દીલથી તેનું દુઃખ દૂર કરવા યથાસાધ્ય પ્રયત્ન કરવા ન ચૂકે તે જીવ ધર્મનો અધિકારી લેખાય.

## ' અન્યને અભય આપી આપણે અભય પામી શકીએ. '

વાવીએ એવું લણીએ; દયાપાત્ર દીન દુઃખી અનાથ જીવો ઉપર કરૂણા–કોમળતા રાખી તેમને યથાશકિત રાહત આપી સંતોષવા. આપણા તુચ્છ સ્વાર્થની ખાતર તેમને કોઇને ત્રાસ ઉપજે એમ નજ કરવું. જેવું સુખ આપણને વહાલું છે તેમ સહુને હોઇ સહુને યથાસાધ્ય સુખ—શાન્તિ ઉપજે એવું હિત વર્તન કરવું જ ઉચિત છે. આપણા સ્વાર્થની ખાતર કોઇને પ્રતિકૂળતા નહીં ઉપજાવતા બને એટલી અનુકૂળતા સાચવવા ચીવટ રાખવી જોઇએ. ઇતિશમ્.

સદ્ગુણાનુરાગી મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રમાણિકપણું.

તમારા સદ્વર્તનની શાખમાં ચારિત્ર શુદ્ધ રાખો—આંટ ઉત્તમ રાખો—તમારા સદ્ચારિત્રની શાખમાં કદી જરાય શંકાને સ્થાન ન મળે એવું વર્તન રાખો—વગર જરૂરે દેવું આપવામાં કદી ઢીલ કરશો નહીં. નાનામાં નાની ઉઘરાણીને માટે પણ કદી કોઇને ફરી નકામો ધક્કો ખવડાવશો નહી—વ્યવહાર હમેશાં એકદમ ચોખ્ખો ને નિયમિત રાખો—નોકરીમાં તેમજ ધંધામાં સારી શાખ ઉંચે ચઢવામાં મદદ કરે છે, અને નબળી શાખ નીચે ઉતારી પાડે છે તે ધ્યાનમાં રાખો.

મનને નિર્બળ બનાવો નહીં—દુર્ગુણી માણસોને સુખી થતાં જોઇ-તેમને વ્યવહારમાં ફાવી જતાં જોઇ દેખાદેખીથી કોઇ પણ દુર્ગુણનું અનુકરણ કરશો નહીં. દુર્ગુણ છતાં બીજાને ફાવી જતાં જોઇ દુર્ગુણ નુકશાનકારક નથી તેમ કદી માનશો નહીં. દુર્ગુણ અમુક વખત સુધી હુશીયારીથી છુપાવી શકાય છે પરંતુ અંતે તેના ઉપર પ્રકાશ પડયા વિના રહેતો નથી અને દુર્ગુણ પ્રગટ થયેથી પાયમાલી થાય છે માટે જ હમેંશા સત્યને વળગી પ્રમાણિક વર્તન રાખો.

કરકસરથી બચાવતાં શીખો, પરંતુ કંજુસ થશો નહીં-બચાવેલું ધન અણધાર્યા સારા—નરસા પ્રસંગોએ ઘણુંજ ઉપયોગી થઇ પડે છે. દરેક માણસની જીંદગીમાં અમુક વખતે નાણાની ખાસ જરૂર પડે છે આવે વખતે મુંઝાવું ન પડે. માટે નિયમસર બચાવતાં શીખો જેથી કોઇની આજીજી કરવી ન પડે.

બચાવેલા નાણા સારે સ્થળે અગર સદ્ધર બેંકમાં મુકવાં, રોકડ નાણું ઘરમાં સંઘરી રાખવું નહીં. કારણ-તેથી વ્યાજનું નુકશાન થાય છે. ચોર—લુંટારાનો ભય રહે છે. મન અશાંત રહે છે. વળી કોઇ વખત મરણનો ભય પણ આવી પડે છે ને લાભ મળતો નથી.

આપણા ગુણો વગેરેને આપણાથી કોઇ વધારે ગુણવાન પુરૂષોના ગુણોની સાથે સરખાવવાની—તુલના કરવાની અને આપણી જાતને તેના જેવા ગુણવાન બનાવવાની ઇચ્છાનું નામ સ્પર્ધા છે, અને તેથી મનુષ્યનો આત્મા ઉર્ધ્વગામી બને છે. ગુણવાન તથા યશસ્વી થવામાં ઉત્તેજન મળે છે.

**મોતીલાલ નરોતમ કાપડીયા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પુરૂષાર્થ.

"કાંઈક બની આવશે." તેવી આશામાં "પ્રારબ્ધ" રાહ–વાટ જોયા કરે છે. ત્યારે "પુરૂષાર્થ" વેધકદ્રષ્ટિ અને પ્રબળ સંકલ્પવડે બહાદુરીથી "કાંઈક પણ" ઉત્પન્ન કરે છે. "પ્રારબ્ધ" પથારીમાં પડયું પડયું કોક વારસો આવી પડવાની રાહ જોવે છે ત્યારે "પુરૂષાર્થ" મોટે મળસ્કે ઉઠી કામ પર ચઢે છે. અને પરસેવાનાં ટીપાંવડે સામર્થ્ય અને આપકમાઈનો પાયો સીંચે છે. "પ્રારબ્ધ" કપાળે હાથ દઈ રોદણાં રડે છે, ત્યારે "પુરૂષાર્થ" ઉલ્લાસથી કીલકાર કરે છે. "પ્રારબ્ધ" નો આધાર તકદીરપર હોય છે, ત્યારે "પુરૂષાર્થ" નો આધાર તદબીર પર હોય છે. "પ્રારબ્ધ" દારિદ્ર તરફ નીચે લપસતું જાય છે, ત્યારે "પુરૂષાર્થ" ચારિત્ર તરફ આગળ ધપે છે.

નીશાળ કે કોલેજમાં ગ્રેજ્યુએટ થવા માટે બે પાંચ વર્ષ મોટો ખર્ચ કરીને ખેંચી કાઢવા પડે છે, ત્યારે આખી જીંદગીનાં મંડાણરૂપ ઉદ્યોગ કે નોકરી માટે સફળ થવા પુરતી ભૂમિકામાં કાંઈ પણ ભોગ આપ્યા વગર મૂલ્ય–( આપણી કીંમત ) અંકાવી શકાશે નહીં.

દુનીઆમાં નવું કાંઈ નથી, પરંતુ જુનામાં અનેક સુધારા વધારા કરીને નવું ઉપજાવવાનું છે. આપણે નવી વસ્તુઓ નહીં, પરંતુ નવાં પરિણામો મેળવવા જોઈએ.

નકામી વાતો કરી–ખોટી ડંફાસો મારી વખત ગુમાવશો નહીં. ફકત વાતો કરનારા કામની ગુંચો ઉકેલી શકતા નથી. કામ પાછળ મચનારાજ કામની ગુંચો ઉકેલી શકે છે.

લક્ષ્મીથી આત્માની પ્રભુતા પ્રગટ ન કરી શકાય લક્ષ્મી જડ છે, તેની આત્મબળ આગળ ધૂળ જેટલી પણ મહત્તા–કીંમત નથી.

શરીર અને ઇંદ્રિયોના મિથ્યા મોહમાં મુંઝાઈને જીવવું તે પશુજીવન છે. દુનિઆનાં લોકોને રીઝવવા કરતાં આત્માને રીઝવો–આત્માની રીઝમાં દુનીઆની ખીજ અમૃત જેવી ગણવી.

કાળ–સ્વભાવને પૂર્વકર્મ–એ ત્રણ કરણો પાયો નાખનાર તરીકે સાધન છે, જ્યારે પુરૂષાર્થ ચણતર ચણવા રૂપ મુખ્ય કાર્ય બજાવે છે. અને નિયતિ પ્રતિબંધક ભાવ તરીકે તટસ્થ–સંરક્ષક સાધન છે.

મો૦ ન૦ કાપડીયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મસાગરઉપાધ્યાય—રાસ.

સંગ્રાહક અને સંશોધક મોહનલાલ દલીચંદ દેશાઈ, એડવોકેટ મુંબઇ.

ગતાંક પૃ. ૭૯ થી ચાલુ.

[ ગત નં. ૩ અને ૪ એમ બે અંકમાં આનો પૂર્વનો ભાગ કેટલીક હકીકતો સહિત છપાયો છે. તે વાંચીને પ્રેરાઇ વીરમગામના પ્રસિદ્ધ આગેવાન અને વકીલ શ્રીયુત છોટાલાલ ત્રીકમલાલ પારેખ તા. ૨૭–૧૧–૩૧ ના કાર્ડથી મને લખી જણાવે છે કે "આશ્વિન માસના આત્માનંદ પ્રકાશના ( ત્રીજા અંકમાં ) પાને ૫૪ મે ધર્મસાગર ઉપાધ્યાયના રાસની હકીકત આપેલી છે તેમાં ' **લા**ડોલી નામની નગરી છે તે હાલ **માર**વાડમાં **લા**ડોલ છે તેજ હશે. **પહેલાં** તે ગુર્જરમંડલમાં ગણાતું હશે ' એમ લખેલ છે પણ **મેસાણા**માં તેઓનું મોસાળ **હોવાનું** જણાવેલ છે તે વિગેરે હકીકત ધ્યાનમાં લેતાં **લા**ડોલી ગામ **માર**વાડનું હોવું જોઇએ નહીં પણ **વી**જાપુરની પાસે **લા**ડોલ ગામ છે તે હોવું જોઇએ એમ સંભવિત છે; એમ આપનો લેખ વાંચતાં લાગવાથી તમોને સૂચનારૂપે હકીકત જણાવી છે." આ હકીકત મળતાં મને આનંદ થયો છે. છોટાલાલભાઇની સંભાવના સાચી છે અને લાડોલ ઉપર જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં વીજાપુર પાસે આવેલું તેજ હોવું જોઇએ. મને તેની ખબર નહિ, અને જેની ખબર હતી તે મેં જણાવેલું. આ રીતે ધર્મસાગર ઉપાધ્યાય મારવાડી નહિ પણ ગુજરાતી સિદ્ધ થાય છે. આ પ્રમાણે તા. ૧૧–૧૨–૩૧ ના પત્તાથી પંડિત શ્રી લાલચંદ ભાઇએ જણાવ્યું છે. હવે મૂળ લેખના અનુસંધાનમાં જે જણાવવાનું રહે છે તે નીચે ચાલુ પ્રકટ થાય છે. ]

૧૭ વિજયસેનસૂરિ કે જેણે **અકબ્બર** પાસે અનેક વાદિઓને જીતીને કીર્તિસ્થંભ રોપ્યો હતો તે હીરવિજયના પટ્ટધર હતા. તે પુણ્યયોગે ખંભનયર ( ખંભાત )માં પધાર્યા ( ૧૬૫૨ ) [1]આ નાના ( હીરવિજયસૂરિની અપેક્ષાએ ) ગુરૂએ મેવડો ( કાસદ )

૧ વિજયસેનસૂરિ ખંભાતમાં ૩ વખત આવ્યા. (૧) સં. ૧૬૪૪ માં ( ચૈત્રી મારવાડી સં. ૧૬૪૫ ) હીરવિજયસૂરિની આજ્ઞાથી સીરોહીથી ખંભાતમાં આવી શ્રીમાલી જ્ઞાતિના ગંધારવાસી પરિખ જસિઆ અને જસમાદેના પુત્ર વજીઆ અને રાજીઆએ ખંભાતમાં બંધાવેલા ચિંતામણિ પાર્શ્વ ચૈત્યમાં શ્રી ચિંતામણિપાર્શ્વનાથ અને મહાવીરની પ્રતિમાની પ્રતિષ્ઠા જેઠ શુદ ૧૨ ને સોમવારે કરી ( જુઓ તે સંબંધનો ૬૨ શ્લોકનો શિલાલેખ બુ. ૨ નં. ૫૨૯; વિજયપ્રશસ્તિ કાવ્ય સર્ગ ૧૧ શ્લો. ૧૭ થી ૭૦; ક્ષેમકુશલકૃત ચિંતામણિ પાર્શ્વનાથ સ્તવન કે જે અપ્રગટ છે, અને ઋષભદાસ કૃત હીરવિજયસૂરિ રાસ પૃ. ૧૫૨–૧૫૪ ) (૨) સં. ૧૬૫૨ માં હીરવિજયસૂરિ ભાદ્રવા શુદ ૧૧ ને દિને ઉનામાં સ્વર્ગસ્થ થયા ત્યારે વિજયસેનસૂરિ પાટણમાં હતા ને ત્યાંથી ખંભાત જઈ ચાતુર્માસ કર્યું. સં. ૧૬૫૩ ને ત્યાંથી વિહાર કરી અમદાવાદ આવ્યા. (૩) સં. ૧૬૫૬ માં આવી વિદ્યાવિજયને આચાર્યપદ આપી વિજયદેવસૂરિ નામ આપ્યું ને તે વખતે શ્રીમલ્લે તે સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોકલી બોલાવવાથી ધર્મસાગર ઉપાધ્યાય ત્યાં આવ્યા ને સૂરિને વંદન કર્યું. લાહોરની વાત ઉપાધ્યાયે ગુરૂને પૂછતાં તે વાત ( લાહોરમાં અકબર પાસે રહી જે કાર્ય કર્યાં તે સર્વ વાત ) કહી સંભળાવી. વચમાં ગુરૂજી બોલ્યા કે તમારા જેવા કોઇ નથી. દેવની ( હીરવિજયસૂરિની ) વાણી ખાલી પડી છે. ( ધર્મસાગરે શું સ્પષ્ટ ઉત્તર આપ્યો તે અશુદ્ધ અપૂર્ણ કડીઓ અત્ર છે તેથી સમજાતું નથી; પરંતુ તેની મતલબ એવી સમજાય છે કે ) ધર્મસાગરજીએ જણાવ્યું કે હીર ગુરૂ અને તેમની દેવવાણી અમે જાણેલ છે અને તેમના જ પટધર જયવિમલ ( વિજયસેનસૂરિનું મુનિ અવસ્થાનું નામ ) છે અને તે ઉદયવંત થશે, જય પામશે. દેવતા પણ આપની પાસે સદા રહેશે. ૧૩૧

૧૮ શ્રીપૂજ્ય અમદાવાદ પ્રત્યે ચાલ્યા તે વખતે મુનિએ ( ધર્મસાગરે ) કહ્યું ' ત્રિકાલ વંદના જાણજો ', ત્યારે તે તપગચ્છનાયકે જણાવ્યું કે ' એ શું કહ્યું ? વળી પણ એવો વખત ઝડપથી આવશે કે વંદના થશે. ' શ્રી વાચકે ઉત્તરમાં કહ્યું ' અગાઉ દેવસ્વપ્ન આવી ગયું છે કે આપની છત્ર છાયાએ થઉં-બેસું, હવે કયાં વધુ વાર છે ? ' ગુરૂ ( સૂરિ ) ખંભાત નયરમાં ચોમાસું કરવાનો આદેશ આપી ચાલી ગયા. ધર્મસાગર આનંદથી ત્યાં ચોમાસું રહે છે, ખપ પડે ચિંતામણી પાર્શ્વનાથને ભેટે છે ને સંઘની આશા પૂરે છે. વિધ વિધ જાતની દેશના સંઘના ચિત્ત ઠારવા સારી રીતે આપે છે. ૧૩૨-૧૩૯

૧૯ એક દિન ધર્મસાગરજીના સ્વપ્નમાં શાસનદેવે આવી પૂછયું ' કયારે હવે ચવવું (?) છે ? જાગ, જાગ, મુનિવર ! ' એટલે તેમણે લબ્ધિસાગરને બોલાવી કહ્યું ' હવે અમારૂં કામ કરશું, તે કામમાં સહાય આપો. ' જ્ઞાનવિમલ પ્રમુખ સાધુઓને બોલાવ્યા, સંઘવી [2]ઉદયકરણ [3]શ્રીમલ આદિ સંઘ ગુરૂ પાસે આવ્યો.

---

ઉત્સવ કરી ઘણું દ્રવ્ય ખર્ચ્યું. આ પૈકી સં. ૧૬૫૩ માં પોતે ચાતુર્માસ કર્યું તે વખતે તેમણે ધર્મસાગર ઉપાધ્યાયને બોલાવ્યા હતા ને વર્ષ પૂરૂં થતાં સં. ૧૬૫૪ ના કાર્તિક શુદ ૯ ને દિને ઉપાધ્યાયે સ્વર્ગવાસ કર્યો.

૨ **ઉદયકરણ**—તે સંઘવી કહેવાયો. ખંભાતનો ઓસવાળ અગ્રગણ્ય આગેવાન હતો. તેણે હીરવિજયસૂરિ પાસે પ્રતિમા પ્રતિષ્ઠા કરાવી હતી ( ઋષભદાસ કૃત હીરવિજયસૂરિ રાસ પૃ. ૨૨૧ ) તેની મિતિ સં. ૧૬૩૮ માઘ વદી ૧૩ સોમ ( બુ. ૨, નં. ૧૧૨૩ ) તેણે અનેક જિનબિંબો, જિનપ્રાસાદો તેમજ ઉપાશ્રયો કરાવ્યાં અને બિંબપ્રતિષ્ઠા પણ ઘણી કરાવી હતી. ઘણીવાર સંઘ લઇ યાત્રાઓ કરી સંઘવીનું બિરૂદ સાર્થક કર્યું હતું. તે મહાશ્રીમંત હતો. તે માટે સં. ૧૬૭૯ ના માગશર વદિ ૮ મે કવિ દર્શનવિજયે વિજયતિલકસૂરિના રાસનો પહેલો અધિકાર રચ્યો તેમાં જણાવ્યું છે કે:—

હવઇ નિસુણો સંયમની વાત, ખંભાયતિ નગરી વિખ્યાત;
વિવહારી કોટીધ્વજ ઘણા, લખેસિરી તણા નહી મણા,
સહસધરા લહીએ લખ્ય ગણા, પાર નહી વિવહારી તણા. ૯૩
સંઘવી ઉદયકરણ ગુણ ઘણા, બિંબ ભરાવ્યાં બહુ જિનતણાં;
જિન પ્રાસાદ કરાવ્યા ભલા, ભલા ઉપાશ્રય વલી કેતલા. ૯૪
બિંબ પ્રતિષ્ઠા કરાવી ભલી, એમ કાહાવતિ કહીઈ કેતલી,
' સંઘવી ' તિલક હવું કઇવાર, સંઘે પહરાવ્યા કહી કઇવાર ૯૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦ પર્યંતારાધના કાર્તિક શુદ ચોથથી ચાલી. બિંબ પાસે નાંદ માંડી મહાવ્રતમાં ઉચ્ચાર કરી સાધુ સાધ્વીઓનાં નામ લઇને ખમાવવા માંડયું. પાંચમે સંઘે જણાવ્યું કે દેવ થયા પછી સંઘને સાંનિધિ આપવા આવજો. ગુરૂએ કહ્યું 'હીરવિજય જેવા ન આવ્યા તો હું કોણ ? વીરપ્રભુનાં વચન સંભારો.' છઠને દિને સંઘે વાંછા કંઇ હોય તો કહો એમ પૂછતાં મારો અવતાર જ્યાં શ્રુતપણું ને જિનનો ધર્મ છે ત્યાં થજો એમ જણાવ્યું. સાતમે મધ્યરાત્રિએ મને અનશન આપો કે પરભવનું ભાતું બાંધી જાઉં એમ ગુરૂએ કહ્યું એટલે પંડિત ( લબ્ધિસાગર ) એમ બોલ્યા કે શકુન જોઈ પછી આપશું. ગુરૂએ જણાવ્યું હવે શકુન જોવાનો વખત નથી. એટલે તેમણે સ્વયંમુખે પોતે જ અનશન ઉચરી લીધું. નોમને દિવસે સહુ તેમની પાસે આવ્યા. નાંદ માંડી અનશનનો વિધિપૂર્વક આદર કરી દીધો. ને તેજ દિને મધ્યરાત્રિએ નવકાર કરતાં દેવવિમાન પામ્યા.

૨૧. લબ્ધિસાગર શોક કરવા લાગ્યા પછી શબને માટે માંડવી મહા મંડાણથી કરી નવે અંગથી પૂજા કરી તેમાં બેસાડી અગ્નિસંસ્કાર કરવા લઈ ગયા. તેમાં ૧૫ મણ સુખડી, ૨ મણ અગર, ચુઆ, કપૂર, કસ્તુરીનો ઉપયોગ કર્યો. દહન વેળાએ એક કૌતુક થયું કે ચમરી જેવી સુંદર ગાયે તે સ્થાને પ્રદક્ષિણા દઇ દૂધનું સિંચન એ ( ચિતા ) પર કર્યું. લોક કહેવા લાગ્યા કે તેમના શિષ્યની વૃદ્ધિ થશે એવું આનું ફળ છે. પાટણ નગરમાં...( અહીં રાસ અપૂર્ણ રહે છે. )

૨૩. ગદ્યમાં પ્રાયઃ ધર્મસાગરના શિષ્યે જ નોંધેલ વૃત્તાંતની ૮-૯ ત્રુટિત પાનાંની 'ખરતર તપા ચર્ચા' આવા મથાળાની અપૂર્ણ પ્રત મુનિવર ( હાલ આચાર્ય ) શ્રી

---

લાજ ઘણી વહઇ સહુ કોઇ, ઉદયકરણ મોટો જગિ સોઈ,
જેહ તણી લખિમીનો પાર, ન જાણો કુણિં એક લગાર. ૯૬

ઋષભદાસ સં. ૧૬૮૫ માં મલ્લિનાથ રાસની પ્રશસ્તિમાં ખંભાતના શ્રાવકો ગણાવતાં કહે છે કે

સોમકરણ સંઘવી ઉદયકરણ, અધલખ્ય રૂપક તે પુણ્યકરણ,
ઉસ વંસિ રાજા શ્રીમલ, અધલખ્ય રૂપકિ ખરચઇ ભલ. ૨૮૪

વળી તેજ વર્ષમાં રચેલ તે કવિના હીરવિજયસૂરિના રાસમાં તો ઠેકઠેકાણે ઉદયકરણનો ઉલ્લેખ આવે છે. ( જુઓ પૃ. ૨૭૫ )

આ ઉદયકરણે હીરવિજયસૂરિના સ્વર્ગવાસ ( ૧૬૫૨ ભાદ્ર. શુ. ૧૧ )ના પછી વિજયસેનસૂરિના હાથે મહોપાધ્યાય કલ્યાણવિજય અને ધનવિજયની સાથે હીરવિજયસૂરિની પાદુકાની શત્રુંજયપર સ્થાપના કરી હતી. તેમાં સંવત ૧૬૫૨ માગશર વદ ૨ છે તે સંવત્ પ્રકટ થવામાં કે ઉકેલવામાં ભૂલ લાગે છે; કારણ કે વિજયસેનસૂરિ ૧૬૫૨ માં નહિ પણ ૧૬૫૬ માં શત્રુંજય ગયા હતા. ( જિ ૨ નં. ૧૩)

૩ શ્રીમલ્લ—સં. ૧૬૪૬-૪૭ માં હીરવિજયસૂરિ ખંભાતમાં હતા ત્યારે શ્રીમલ્લને ત્યાં ગયા હતા ને તેણે જયવિજયાદિને પંન્યાસ પદ આપતાં ઘણું ખર્ચ કર્યું હતું. ( ઋષભદાસ કૃત હીર. વિજય રાસ પૃ. ૧૭૦, ૨૭૬; વિજયતિલકસૂરિ રાસ પૃ. ૨૬) વિજયસેનસૂરિ શત્રુંજયની યાત્રા કરી ખંભાત પધાર્યા ( સં. ૧૬૫૬ ) તે વખતે શ્રીમલ્લે વિજયદેવસૂરિને આચાર્યપદ અપાવ્યું ને તેના મહોત્સવનું બધું ખર્ચ આપ્યું હતું. તેનું વર્ણન વિજયપ્રશસ્તિના સર્ગ ૧૭ના શ્લોક ૭ થી ૫૮ તથા ૬૧ માં આપ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વલ્લભવિજય પાસે છે. તે પૈકી પ્રારંભના ૪ પત્રની હકીકત ઉપયોગી ધારી શ્રી જિનવિજયે આત્માનંદ પ્રકાશના વીર સંવત્ ૨૪૪૪ કાર્ત્તિકના ( પુ૦ ૧૫ અંક ૪ ) માં પ્રકટ કરી છે. તેમાંની હકીકતો આ રાસમાં જે હકીકત છે તેને વિશેષ પુષ્ટ અને વિસ્તૃત કરે છે તો તે ત્યાંથી જોઇ લેવી.

મૂળ રાસ ( ચાલુ ).

હીરવિજય સૂરિ પટધરૂ, વિજયસેન સૂરિ સનેહ,
જિન શાસનકુ રાજીઓ, સકલ સૂરિ માંહિ લીહ. ૧૧૯
સાહિ સતા જિણે જસ લાઉ, હુઉ તે જયજયવાદ,
નાસઇ વાદિ ગજ ઘટા, જિમ કેસરીકઇ નાદ. ૧૨૦
સાહિ અકબ્બર આગલિ, જીત્યા વાદિ અનેક,
કીર્ત્તિથંભ આરોપિઓ, જયવાદિં જગિ એક. ૧૨૧
વિજયસેન ગુરૂ ગચ્છપતિ, જેહનો જગિ જસવાદ,
જિન શાસન થાપી કરી, વાદિ ઉતાર્યો નાદ. ૧૨૨
પરગટ હીર-પટોધરૂ, પુણ્યયોગિં પુણ્યવંત,
ખંભ નયરઇ પધારિઆ, ધિન ધિન એ ભગવંત. ૧૨૩
વિજયસેન સૂરિ ગણધરૂ, બુદ્ધિઇ જીત્યો સુરગુરૂ,
સુરતરૂ આવઇ ખંભલ પર તણીએ. ૧૨૪
ન્યાના શુસ(રૂ) તેડાવઇ, મેવડો મોકલઇ ભાવઈ,
આવઇ ધર્મસાગર ઉલટ ધરીએ. ૧૨૫
વિજય(સેન) સૂરિ વંદઇ એ, પ્રેમી મનિ આનંદ એ,
ચંદ જિમ દેખે ચકોરડાંએ. ૧૨૬
વાત પૂછઇ રા(લા)હોર તણી, શ્રી ગુંસાં(રૂને) ધર્મસાગર ધણી,
અછમણી કહરીએ. ૧૨૭
વચક ગુરૂસ્યું બોલ એ, કો નહિ તુમનઇ તોલ એ,
બાલઇ(લી) દેવતણી વાણી તિહા એ. ૧૨૯
હીર ગોર નઇ દેવવાણી,(?) પહૂંઇ હતા અહાઇ જાણી,
એ જયવિમલ તુમ પટધરૂ એ આણી,
એ ઉદયવંત હોસ્યઇ ભલો એ. ૧૩૦
વામિ(?)જયનું લહવું, એહવાનુ સું કહવું,
નિત રહવું તુમ પાસઈ, દેવતાતણું એ. ૧૩૧
શ્રીપૂજ્ય અમદાવાદ ભણી, ચલતૢકહઇ મુનિ અમ તણી,
ત્રિકાલ વંદના જાણજ્યો એ. ૧૩૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તવ કહઇ તપગછગુરૂ, એ સ્યું કહ્યું મુનિવરૂ,
શ્રુતધરૂ વલિ વાંદસ્યો વેગિસ્યું એ. ૧૩૩
શ્રી વાચક વલતું કહ્યું, દેવસપન આગઇ લહ્યું,
તેં મઉં છત્ર છાયાઇ તુમતણી એ. ૧૩૪

દૂહા.

છત્ર છાયાઇ તુમતણી, બઇસવું મુઝ એક વાર,
તેહવું તપગછ ધણી હવઇ, કિહાં બીજી વાર. ૧૩૬

ગુરૂ જાઇ ચઉમાસું આપીઆ, ખંભ નય રંતિહાં થાપીઆ,
વ્યાપીઆ નિર્મલ જસ મહિમા ઘણા એ. ૧૩૭
રંગઇ રહઇ ચઉમાસિ, ખપ ભેટઇ ચિંતામણિ પાસઇ,
આસ એ પૂરઇ શ્રી સંઘની ઘણી એ. ૧૩૮
વખાણ કરઇ મનરંગિઇં, નવ નવ દેશના ભંગઇં,
ચંગિઇ એ શ્રી સંઘના ચિત ઠારવા એ. ૧૩૯

( દુહા. )

એક દિન શાસન દેવતા, આવા સપન મઝાર,
જિન શાસન હિત કારણઇં, કહઇ કબ વન (?) સુવિચાર, ૧૪૦

રાગ પર્જિઓ

જાગિ મુનિવર સુર વંદઇ ઇમ માનકય વનિજ-લિરે ?
સુપન પન એકજ તિહાં દીઠું, દીવઇ નદી દાવેલિ રે ? ? જાગિ. ૧૪૨
પંડિત શ્રી ગુરૂ લબ્ધિસાગર, તેડી વદઇ મુનિરાજરે
કાજ કરસ્યું આપણું હવઇ, સારે હમારાં કાજરે. જાગિ. ૧૪૩
પંડિત જ્ઞાનવિમલ પ્રમુખ યતી, તેડાવઇ ઉલાસિરે,
સંઘવી ઉદયકરણ શ્રીમલ સહુ, સંઘ આવઇ ગુરૂ પાસિરે. જાગિ. ૧૪૪
કાર્ત્તિગ માસઈ શુકલ ચઉથઈ, આરાધન કરઇ સારરે;
નાંદિ માંડી બિંબ આગલિ, મહાવ્રત ઉચ્ચારરે, જાગિ. ૧૪૫
સાધ સાધવિ નામ લેઇ, ખમાવઇ મુનિરાયરે,
સંઘ ચઉવિહ સકલ જીવ લહી, રાશિસ્યું નિરમોર માય ? રે. જાગિ. ૧૪૬
તિણઇ અવસર ગુર ગુરૂજી ભાખઇ, ચિઉ અનસના આગ્રજરે ?
એહનુ ન વિલંબ કીજઇ, મામીઇ શિઇ ? શિવપુર રાજરે જાગિ. ૧૪૭

દૂહા

જાસ જામલિ ઘણઉ, બોલઈ બાલ ગોપાલ,
ધર્મસાગર ઉવઝાયનઇં, વે (વં)દ કરૂં ત્રિ(કા)લ. ૧૪૮

—અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

( ગતાંક પૃષ્ઠ ૧૧૮ થી શરૂ. )

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ.

જો તમે દુઃખથી મુક્ત રહેવા ઇચ્છતા હો તો શરીર ધારણ ન કરો, જો તમને શરીરની જરૂરત ન હોય તો કર્મ ન કરો, જો તમે કર્મ કરવા ન ઇચ્છતા હો તો રાગ દ્વેષનો ત્યાગ કરો, જો રાગ દ્વેષ તજવા ચાહતા હો તો અભિમાન તજી દો. અભિમાન તજવા માટે અવિવેકને દૂર કરવાની આવશ્યકતા છે. અવિવેક ત્યારે જ દૂર થઇ શકે કે જ્યારે અવિદ્યા દૂર થાય. તેથી અવિદ્યાથી પિંડ છોડાવવા માટે પરમાત્મજ્ઞાન પ્રાપ્ત કરો.

જેવી રીતે અભિમાન પ્રકટ થાય છે તેવી રીતેજ રાગ દ્વેષ આવી જાય છે. જ્યારે તમે ' હું સ્વામી છું ' એવું ચિંતન કરો છો ત્યારે તમને તમારા સ્વામીત્વમાં રાગ થાય છે. તમારા મનમાં 'હું બ્રાહ્મણ છું' એવી ભાવના જામી જાય છે કે તરત જ તમારી અંદર શૂદ્રો તરફ ઘૃણા ભાવ અને બ્રાહ્મણ તરફ પ્રેમભાવ ઉત્પન્ન થાય છે. જો રાગ દ્વેષનો સમૂળગો નાશ કરવા ચાહતા હો તો અભિમાનનો ત્યાગ કરો.

કેવળ ચિત્ત ત્યાગ દ્વારા બધી વસ્તુઓનો ત્યાગ થઇ જાય છે. મન જ સર્વસ્વ છે. એના ઉપર અધિકાર થતાં જ સઘળાનો ત્યાગ થઇ જાય છે. એ રીતે માનસિક સંયમથી બધા દુઃખોથી છુટકારો પામી શકાય છે.

' હું પણું ' અથવા અહંકાર વગર મન કંઇજ નથી. ખરેખર, એ 'હું' ની ભાવના દૂર કરવાનું કઠણ છે. હૃદય એ પ્રાણ, મન, અંહકાર અને આત્માનું આવાસસ્થાન છે.

વસ્તુતઃ બીજા સાંસારિક દુઃખોની કશી સત્તા જ નથી, જ્યારે આપણે સૂઇ જઇએ છીએ ત્યારે બધાં દુઃખ દૂર થઇ જાય છે. કેવળ મનનો શરીરની સાથે સંબંધ હોવાથી—કષ્ટ ઉત્પન્ન થાય છે. મન તથા બુદ્ધિનો અભેદ (અભિમાન) અવિદ્યાને લઇને કષ્ટ પહોંચાડે છે. પરમાત્મ ભાવનાની સાચી સાધનાથી અહંકારનો નિમિષમાત્રમાં નાશ થઇ જાય છે.

કેવળ એક જ રસ છે. એકજ પરમાત્મા છે. તે શુદ્ધ પરિપૂર્ણ અને અનંત છે. મનને અહિં તહિં ભટકાવ્યા વગર એનું ધ્યાન ધરી અને મનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરેખરી શાંતિ સાથે તમારી જાતને સઘળાં દુઃખોથી મુકત કરો. અહંકાર પોતે મિથ્યા વસ્તુ હોવાને લઇને અભ્યાસ દ્વારા નષ્ટ થઇ જશે.

હું, તું, આ મારૂં, આ બીજાનું એવા જુદા જુદા ભાવોને તથા દ્વૈતભાવને તજી દો. એને બદલે પરમાત્મભાવ ગ્રહણ કરો. મનનાં સંકલ્પ–વિકલ્પનો નાશ કરો. એનું નામ અદ્વૈત નિષ્ટા.

અહંકાર નાશનો શ્રેષ્ટ ઉપાય છે આત્મનિરોધ. હું શરીર નથી, હું મન નથી, જગત્ મિથ્યા છે, પરમાત્મા જ સત્ય છે. એવી ભાવનાનું ધ્યાન કરો, અહંભાવનો લોપ થઇ શકશે.

મૈત્રી, કરૂણા, દયા, વિશ્વપ્રેમ, ક્ષમા, ધૃતિ, તિતિક્ષા અને સહિષ્ણુતા એ સાત્વિક ગુણો છે. માનવ જીવનમાં એ શાંતિ તથા આનંદ રેડે છે. એનો સંપૂર્ણ વિકાસ કરવો જોઇએ.

સંતોષ, ધૃતિ, ઉત્સાહ અને દ્દઢ સંકલ્પ એ આત્માનુભવમાં સફળતા પ્રાપ્ત કરવા માટે અત્યંત આવશ્યક છે. આધ્યાત્મિક સાધકે તો એને હમેશાં વધાર્યા કરવા જોઇએ.

કામનાઓનો નાશ, અહંકારનો નાશ અને સંકલ્પનો નાશ એ સર્વનું તાત્પર્ય મનને વશ કરવું અથવા મનોનાશ કરવો એ છે.

મન, પ્રાણ, અને વીર્ય એ ત્રણે એક જ સાંકળની ત્રણ ગાંઠ છે. એ એક જ સંબંધના અંતર્ગત છે. એ જીવાત્માના મહેલના ત્રણ સ્તંભ છે. એ ત્રણમાંથી એક પણ સ્તંભનો નાશ કરી દો એટલે આખો મહેલ ચુરેચુરા થઈ જમીનદોસ્ત થઈ જશે. તમારૂં મિથ્યા વ્યકિતત્વ ટુકડે ટુકડા થઇ જશે. તમે અખંડ બ્રહ્મચર્ય બાર વરસ સુધી પાળો તો તમે વગર પ્રયાસે નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશ કરશો. મન આપોઆપ વશ થઇ જશે. વીર્ય–શકિત જ સર્વ પ્રધાન શકિત છે. નૈષ્ટિક બ્રહ્મચારી નિર્વિકલ્પ સમાધિમાં સ્હેલાઇથી સ્થિત થઇ જાય છે. તેનું મન અત્યંત પવિત્ર, દ્રઢ અને એકાગ્ર થઇ જાય છે. તેને શ્રવણ મનનના અભ્યાસની જરૂર નથી રહેતી. ચાલીશ ટીપા લોહીથી એક ટીપું વીર્ય બને છે. એક વખતના સ્ત્રી–સહવાસથી જેટલી શકિત ક્ષીણ થાય છે તેટલી ચોવીશ કલાકના માનસિક પરિશ્રમદ્વારા માનસિક શકિતની ક્ષીણતા અથવા ત્રણ દિવસના શારીરિક શ્રમ દ્વારા શારીરિક શકિતની ક્ષીણતા સમાન છે. એ રીતે વીર્ય બહુ મુલ્ય વસ્તુ છે. એ શકિતનો વ્યર્થ નાશ ન કરો. ખૂબ સાવધાનીથી એનું રક્ષણ કરો. તમને અદ્દભૂત ઉત્સાહ અને શકિત પ્રાપ્ત થશે. જ્યારે તેનો ઉપયોગ નથી થતો ત્યારે તેનું ચોજસ થાય છે અને તે મગજમાં એકઠું થવા લાગે છે. આપણાં દુઃખનો મોટો ભાગ વીર્યની બરબાદીને આભારી જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંકલ્પ, ઇચ્છા, રાગ, દ્વેષ, અહંકાર, મન, એ જીવાત્માના મહેલની છ ઇંટ છે. જેને લઇને જીવાત્માનું વ્યક્તિત્વ નિર્માણ થાય છે. તે સાંકળની છ ગાંઠ છે. એક ઇંટ અથવા એક ગાંઠનો નાશ થતાં જ આખો મહેલ આખી સાંકળ નષ્ટ થઈ જાય છે.

સિદ્ધિઓ માટે બહુ ચિંતા ન કરો. દિવ્ય ચક્ષુ અને દિવ્ય શ્રોત્ર મળવાથી કશો લાભ નથી, કેમકે તે મળવાની અપેક્ષાએ ન મળવાથી વધારે પ્રકાશ અને શાંતિ મળે છે.

જ્ઞાની પુરૂષ એવી સિદ્ધિઓની કદિ પણ પરવા નથી કરતો, કેમકે તેનાં દૈનિક જીવનમાં તેને એ વસ્તુની કશી જરૂર નથી પડતી.

તેજ કાર્ય કરો કે જે મન કરવા નથી માગતું. મન જે કામ કરવા માગતું હોય તે કામ ન કરો. આ મન વશ કરવાનો તથા ઇચ્છા શકિત વધારવાનો એક માર્ગ છે.

મનને વશ કરવામાં આવે એટલે શરીર પર તો પુરેપુરો અધિકાર આવી જ જાય. શરીર તો મનની છાયા માત્ર છે. એતો એક એવો સંચો છે જેને મન પોતાનું લુંટવાનું સાધન ગણે છે. તમે મનને વશ કરી લ્યો એટલે શરીર તો તમારૂં ગુલામ બની જશે.

મન સઘળી ઇન્દ્રિયોનું કેન્દ્ર છે, એ એક સ્થળે જ પાંચે જ્ઞાનેન્દ્રિયો મળે છે. એ ઇન્દ્રિયો વગર પણ જોઇ શકે છે, સાંભળી શકે છે, સુંઘી શકે છે, સ્વાદ લઈ શકે છે અને અનુભવ લઇ શકે છે. એ પાંચે જ્ઞાનેન્દ્રિયોનો સમુચ્ચય છે.

પ્રાણાયામ, જપ, વિચાર તથા ભકિત દ્વારા રજ અને તમને દૂર કરો. જે મનનાં સત્વને ઢાંકી દે છે, ત્યારે જ મન ધ્યાનને યોગ્ય બની જાય છે.

જ્યારે તમે પ્રસન્ન રહેતા હો, તમારૂં મન સ્થિર અને એકાગ્ર રહેતું હોય ત્યારે સમજવું કે તમે યોગમાં આગળ વધી રહ્યા છો અને તમારા સત્વગુણમાં અભિવૃદ્ધિ થઈ રહી છે.

રાગ-દ્વેષની ચાર અવસ્થાઓ છે. દગ્ધ, તનુ, વિચ્છિન્ન, ઉદાર. પહેલી બે અવસ્થાઓ યોગી પુરૂષોની હોય છે અને છેલ્લી, બે સાંસારિક પુરૂષોની. જે યોગી અભ્યાસમાં ગુંથાયેલા હોય છે તેનામાં રાગ-દ્વેષના સંસ્કાર ઘણાજ પાતળા હોય છે અને અત્યંત સૂક્ષ્માવસ્થામાં રહે છે. એ તો તે બન્ને વૃત્તિઓને વશ કર્યા કરે છે. જેઓ સાંસારિક વિષયોમાં ગુંથાયલા હોય છે તેનામાં રાગદ્વેષ છુપાયલા છતાં પુરેપુરા ફેલાયલા રહે છે. સાંસારિક પુરૂષ રાગદ્વેષના પ્રવાહનો કેવળ ગુલામ હોય છે. આકર્ષણ તથા વિકર્ષણના પ્રવાહોમાં તે અહિંતહિં અથડાયા કરે છે. જે પૂર્ણ યોગી છે તેનામાં રાગદ્વેષની વૃત્તિઓ નિર્વિકલ્પ સમાધિદ્વારા દગ્ધ થઇ જાય છે અને તે બળી ગયેલા બીજની જેવા થઇ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચ્છિન્ન દશામાં રાગદ્વેષ છુપાયેલા હોય છે. જ્યારે સ્ત્રી પોતાના પતિ તરફ પ્રેમ પ્રદર્શિત કરે છે ત્યારે તેની અપ્રસન્નતા તથા ઉપેક્ષા અમુક કાળ માટે અંતર્હિત થઇ જાય છે અને રાગવૃત્તિ કામ કરવા લાગે છે. જ્યારે તે કોઇ વિશેષ કારણથી પોતાના પતિ સાથે નાખુશ થઇ જાય છે ત્યારે દ્વેષવૃત્તિ પ્રકટ થઇ જાય છે.

શમ ( વાસના ત્યાગ દ્વારા મનની શાંતિ ), દમ ( ઇન્દ્રિયોનો સંયમ ) એ બન્ને ષટસંપત્તિના મહત્વપૂર્ણ અંગ છે. જે જ્ઞાનમાર્ગે સાધન કરનાર માટે મોક્ષનો એક ઉપાય છે. શમ–દમ વસ્તુતઃ યૌગિક ક્રિયાઓ છે, જ્યારે એ સાધન સમાપ્ત થઈ જાય છે ત્યારે શાસ્ત્રશ્રવણ તથા મનનના સાધનોમાં પ્રવેશ કરવો પડે છે. તે પછી નિદિધ્યાસન માટે ત્રણ વર્ષના એકાન્તવાસની જરૂર પડશે.

મન એ ટેવોનો સમૂહ છે. મનુષ્યની પ્રકૃતિમાં ખરાબ ટેવો અને પક્ષપાત નિહિત હોય છે. અનુકૂળ અવસર મળતાં તેઓ મનની ભૂમિમાં ઉતરી જાય છે.

જીવાત્મા, મન તથા વૃત્તિઓની સાથે સંયુકત થઇને વિષયોનો ઉપભોગ કરે છે,

જ્યારે મન તથા ઇન્દ્રિયો પાતળા થઇ જાય છે અને પુરેપુરા વશ થઇ જાય છે ત્યારે કરણ–ઇન્દ્રિય વ્યાપાર બંધ થઇ જાય છે. ( ચાલુ. )

# ધાર્મિક વાંચનમાળા.

**બાબુસાહેબ જીવણલાલ પન્નાલાલજીએ** એક સુંદર વાંચનમાળા તૈયાર કરવાનું કાર્ય પ્રોફેસર બંધુ **હીરાલાલ રસીકલાલ કાપડીયાને** સોંપ્યું છે, અને તે માટે દ્રવ્ય ખર્ચવાની જે તત્પરતા બાબુ સાહેબે બતાવી છે તે માટે તેઓશ્રી ધન્યવાદને પાત્ર છે. કાચી વયથી બાળકો વિતરાગના માર્ગે સંચરે–સંસ્કારો પ્રગટે–જામે તેવા ઉદ્દેશથી આ કાર્ય આરંભેલ છે, વળી જૈનોના સર્વ ફીરકાઓને ઉપયોગી થાય તેવી સાધારણ વાંચનમાળાની આ અગત્ય માટે મતભેદ હોઈ શકે નહિ. હજીસુધી આવું કાય જેવું જોઇએ તેવું જૈન સમાજમાં થયેલ નથી અને તે માટે જૈન સમાજના વિદ્વાનોને પોતાની શક્તિનો ફાળો આપવા એક વિજ્ઞપ્તિ પત્ર બાબુસાહેબે બહાર પાડેલ છે અને તેમાં આ વાચનમાળામાં યોગ્ય ફાળો આપવા અને માર્ગદર્શક સૂચનાઓ તેઓશ્રી ઉપર કે પ્રો૦ હીરાલાલભાઇ ઉપર મોકલવા તે પત્રિકામાં જણાવ્યું છે, જેથી દરેક વિદ્વાનો કે આ કાર્યમાં રસ લેનારા બંધુઓએ યોગ્ય લાગ્યા પ્રમાણેની તે માટે સુચનાઓ મોકલવા અમો પણ જણાવીએ છીએ. અને **અમારા વિચારો–સુચનાઓ નીચે પ્રમાણે પ્રગટ કરીયે છીયે.**

૧ ત્રણે ફીરકાઓના સિદ્ધાંતને બંધબેસતા થાય તેવા વિષયો લેવા.

૨ સામાન્ય રીતે ન્યાય, નીતિ, તત્ત્વજ્ઞાન ચોથા આરાના ( પ્રાચીન ) અને હાલના અર્વાચીન મહા પુરૂષોના ચરિત્રો, ઇતિહાસ અને પ્રાચીન તીર્થો સંબંધી હકીકતો, ભૂગોળ, ક્રિયાકાંડ તેના હેતુઓ સહિતની હકીકત, શ્રાવકોની દીન રાત્રિની ચર્યા, શ્રાવકોના આચારની હકીકતો અને ભૂતકાલીન પ્રાચીન અર્વાચીન શ્રાવકોના ચરિત્રો ટુંકામાં લેવા—અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાદી અને સરલ નૈતિક કવિતાઓ આજની પદ્ધતિએ બનાવરાવી મુકવી અને જરૂર જણાય ત્યાં ત્યાં તે વિષયોને લગતા ફોટાઓ પણ સાથે લેવા, માર્ગાનુસારી લક્ષણો, બારવ્રતોની સમજ કથાઓ સહિત લેવી, જૈનોના સોળ સંસ્કારોની હકીકત લેવી, સતી ચરિત્રો અને પ્રભાવક પુરૂષોના ચરિત્રો લેવા. જૈન ધર્મની વિશેષતા અન્ય ધર્મોની અપેક્ષા કેમ છે તે વિષય લેવો. કર્મનું, નવતત્ત્વનું, સાતનયનું, ગુણસ્થાનકનું કથારૂપે ટુંકું સ્વરૂપ લેવું. અત્યાર સુધીમાં બહાર પડેલી સીરીઝો ઉપર દૃષ્ટિ નાંખી જવી. પદાર્થ વિજ્ઞાનના પાઠો જૈન દૃષ્ટિએ તૈયાર કરવા, તૈયાર કરવામાં આવતી વાંચનમાળામાં ઉપરોક્ત વિષયો દાખલ કરવા અને વિશેષમાં આમાં લેવા માટે-જણાવેલ વિષયો માટે વિશેષ જે જે મૂળ, ભાષાંતર વગેરેના ગ્રંથો જરૂર હોય તે બધામાંથી તારવણી કરી વિષયો લેવા. આ વિષયો માટે કયા કયા ગ્રંથો દૃષ્ટિગોચર કરવા કે વિષયો લેવા તે માટે સૂચના થશે તો હવે પછી જણાવવા રજા લેશું.

# સ્વીકાર અને સમાલોચના.

**સ્ત્રીબોધ.** ( માસિક ) વર્ષ ૭૬ મું અંક ૧ લો જાન્યુવારી સને ૧૯૩૨-સ્ત્રીઉપયોગી આ માસિક ઘણુંજ જુનું છે. તેના બાહોશ તંત્રીઓએ સ્ત્રીઉપયોગી વિવિધ લેખોથી તેની હૈયાતિ તેમજ આબાદિ સાચવી રાખી છે. સ્ત્રીઉપયોગી માસિકો આપણે ત્યાં નહિં જેવા અલ્પ છે, તેમાં આ માસિક તેની ઉપયોગીતા તથા આવશ્યકતા માટે ખુશી થવા જેવું છે. બાળકો માટેનું પણ સરલ વાંચન આપી તેને બાલોપયોગી પણ સાથે બનાવેલું છે. સ્ત્રીઓ માટે તો ખાસ ઉપયોગી હોઇ દરેક ગૃહમાં તે હોવું અને વંચાવું જોઇએ. અમો તેનો અભ્યુદય ઇચ્છીયે છીયે. કિંમત વાર્ષિક સાડાત્રણ રૂપૈયા. મળવાનું સ્થળ જીવનલાલ અમરશી મહેતા. મંત્રી- સ્ત્રીબોધ, અમદાવાદ.

**શ્રીમન્મહાવીર દેવના પ્રથમ ગણધર ગુરૂ ગૌતમસ્વામીની રંગીન છબી.**

પ્રકાશક સારાભાઇ મણીલાલ નવાબ, નાગજી ભુદરની પોળ અમદાવાદ-તરફથી સમાલોચના અર્થે મળી છે. આ વિવિધ અને સોનેરી રંગથી પ્રગટ કરવામાં આવેલ સુંદર છબી કે જે નીચે સંસ્કૃત ભાષામાં આપેલ શ્લોકાનુરૂપ તેના ચિત્રકાર જયન્તીલાલ ઝવેરી છે. છબી ચિત્તાકર્ષક અને સુંદર છે. ધર્મસ્થાનમાં રાખવા યોગ્ય અને દર્શનાભિલાષિ જીજ્ઞાસુ માટે ખાસ ઉપયોગી છે. જેટલી સુંદર આ છબી તેટલું તેના ઉપર સુંદર છાપકામ અને તેના માટે ઉપયોગમાં લીધેલ આર્ટપેપર પણ ઉંચા છે. પોસ્ટેજ સહિત સાડાત્રણ આના કિંમત પ્રકાશકે રાખેલ છે, જે યોગ્ય છે. મળવાનું સ્થળ પ્રકાશકને ત્યાંથી.

**કામકુંભ** ( હિંદિભાષામાં ) લેખક પં. ઇશ્વરલાલ જૈન. પ્રકાશક આદર્શ ગ્રંથમાળા મુલતાન-પંજાબ. કિંમત ચાર આના. ઉત્તમ અને ઉપયોગી સાહિત્ય પ્રકાશિત કરી ઓછા મૂલ્યે આપવાનો આ સંસ્થાના ઉદ્દેશ પ્રમાણે ઉપરોક્ત શિક્ષાપ્રદ કથા લઘુ ગ્રંથ પ્રકટ કરવામાં આવેલ છે. આ રીતે હિંદના દરેક વિભાગમાં અને દરેક ભાષામાં જૈનસાહિત્યનું પ્રકાશન થવાની જરૂર છે. અમો પ્રકાશક આ પ્રયત્નમાં સફળ નીવડે તેમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સાહિત્ય અને કલાની રસલ્હાણ

# જૈનજ્યોતિ

### દર માસે નિયમિત રીતે પૂરી પાડે છે

**જૈન જનતાનું આ પહેલ વહેલું સચિત્ર અને કલાત્મક માસિક છે.**

એમાં જૈનસાહિત્ય, સમાજ, શિલ્પ, સ્થાપત્ય, તીર્થ, કળા, વગેરે ભિન્નભિન્ન વિષયો પર મનનીય લેખો પ્રગટ થાય છે. અત્યાર સુધીમાં બહાર પડી ચુકેલા કોઇપણ અંક આપ જુઓ અને તમે ગ્રાહક થવા જરૂર લલચાશો.

તંત્રી

**ધીરજલાલ ટોકરશી શાહ**

**:: મુખ્ય લેખકો ::**

રા. મોહનલાલ દલીચંદ દેશાઈ બી. એ., એલ, એલ, બી.
રા. નાગકુમાર મકાતી બી. એ., એલ, એલ, બી.
મુનિશ્રી ન્યાયવિજયજી ( પૂર્વ દેશમાં વિહાર કરતા )
મુનિશ્રી ચતુરવિજયજી
સન્મિત્ર શ્રી કર્પૂરવિજયજી
રા. શ્રીકાન્ત
રા. ડાહ્યાલાલ મ. શાહ ( તંત્રી : જૈન પ્રકાશ )
રા. કેશવલાલ ડો. દેશાઇ
રા. પ્રભાશંકર સ્થપતિ વગેરે વગેરે

આટલી સંગીન સામગ્રી છતાં–

**વાર્ષિક લવાજમ : રૂ. અઢી. પરદેશમાં રૂ. સાડાત્રણ**

કોઇ પણ અંકથી લવાજમ ભરી શકાય છે. લવાજમ ભર્યા પછી ૧૨ અંક મળશે અથવા વર્ષની શરૂઆતથી થવું હશે તો તેમ પણ થઇ શકશે. નવ માસ અને છ માસનાં લવાજમ પણ ભરી શકાય છે

**નવ માસ રૂ. ૨–૦–૦ . . . . છ માસ રૂ. ૧–૬–૦**

આ નવીન સાહિત્યનો–સાહસનો–જહેમતનો ખ્યાલ કરી આપ આજે જ ગ્રાહક તરીકે આપનું નામ નોંધાવો. આપના મિત્રમંડળને તથા લાગવગવાળાને આ પત્રના ગ્રાહક બનવા મજબુત ભલામણ કરો––

**જ્યોતિ કાર્યાલય**
હવેલીની પોળ, રાયપુર : અમદાવાદ.

વસંત પ્રી. પ્રેસ : અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


સરળ અને રસભરી ભાષામાં લખાયેલાં, જ્ઞાન સાથે ગમ્મત આપતાં,
ધર્મ અને નીતિનાં સંસ્કારો પોષતાં

# બાળગ્રંથાવળીનાં ૧૦૦ પુસ્તકો

**પ્રથમ શ્રેણી :** કિં. રૂા. દોઢ. પાકું બાઈન્ડીંગ રૂા બે.

૧ શ્રી રીખવદેવ, ૨ નેમ-રાજુલ, ૩ શ્રીપાર્શ્વનાથ, ૪ પ્રભુ મહાવીર, ૫ વીર ધન્નો, ૬ મહાત્મા દૃઢપ્રહારી, ૭ અભયકુમાર, ૮ રાણી ચેલ્લણા, ૯ ચંદનબાળા, ૧૦ ઇલાચીકુમાર, ૧૧ જંબુસ્વામી, ૧૨ અમરકુમાર, ૧૩ શ્રીપાળ, ૧૪ મહારાજા કુમારપાળ, ૧૫ પેથડકુમાર. ૧૬ વિમળશાહ, ૧૭ વસ્તુપાળ-તેજપાળ, ૧૮ ખેમો દેદરાણી, ૧૯ જગડુશાહ, ૨૦ ધર્મ માટે પ્રાણ આપનાર મહાત્માએ.

**બીજી શ્રેણી :** સળંગ પુસ્તકાકારે પાકું બાઈન્ડીંગ રૂા. સવા.

૧ અર્જુનમાળી, ૨ ચક્રવર્તી સનત્ કુમાર, ૩ ગણધર શ્રી ગૌતમસ્વામી, ૪ ભરતબાહુબલિ, ૫ આર્દ્રકુમાર, ૬ મહારાજા શ્રેણિક, ૭ વીર ભામાશાહ ૮ મહામંત્રી ઉદાયન, ૯ મહાસતી અંજના ૧૦ રાજર્ષિ પ્રસન્નચંદ્ર, ૧૧ મયણરેહા, ૧૨ ચંદન મલયાગિરિ, ૧૩ કાન કઠિયારો, ૧૪ મુનિશ્રી હરિકેશ, ૧૫ કપિલ મુનિ, ૧૬ સેવામૂર્તિ નંદિષેણ, ૧૭ શ્રી સ્થૂલિભદ્ર, ૧૮ મહારાજા સંપ્રતિ, ૧૯ પ્રભુ મહાવીરના દશ શ્રાવકો, ૨૦ સ્વાધ્યાય.

**ત્રીજી શ્રેણી :** કિં. રૂા દોઢ. પાકું બાઈન્ડીંગ રૂા. બે.

૧ શ્રી ભદ્રબાહુ સ્વામી, ૨ શ્રીહેમચંદ્રાચાર્ય, ૩ શ્રી હરિભદ્રસૂરિ, ૪ શ્રી સિદ્ધસેન દિવાકર, ૫ શ્રી બપ્પભટ્ટસૂરિ, ૬ શ્રી હીરવિજય સૂરિ, ૭ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી, ૮ મહા સતી સીતા, ૯ દ્રૌપદી, ૧૦ નળ-દમયંતી, ૧૧ મૃગાવતી, ૧૨ સતી નંદયંતા, ૧૩ ધન્ય અહિંસા, ૧૪ સત્યનો જય, ૧૫ અસ્તેયનો મહિમા, ૧૬ સાચો શણગાર-શીલ, ૧૭ સુખની ચાવી યાને સંતોષ, ૧૮ જૈન તીર્થોનો પરિચય ભાગ ૧ લો. ૧૯ જૈન તીર્થોનો પરિચય ભા. ૨ જો. ૨૦ જૈન સાહિત્યની ડાયરી.

**ચોથી શ્રેણી :** કિં. રૂા. દોઢ. પાકું બાઈન્ડીંગ રૂા. બે.

૧ જાવડશા, ૨ કોચરશા, ૩ વીર વનરાજ, ૪ ધન્ય એ ટેક, ૫ મણિનાં મૂલ, ૬ કળાધર કોકાશ, ૭ શુકરાજ, ૮ જિનમતી ૯ રાજર્ષિ કરકંડુ, ૧૦ અનંગ સુંદરી, ૧૧ નર્મદા સુંદરી, ૧૨ અષાઢાભૂતિ, ૧૩ અચંકારિભટ્ટા, ૧૪ વિષ્ણુકુમાર, ૧૫ કાલિકાચાર્ય, ૧૬ શ્રી પાદલિપ્તાચાર્ય, ૧૭ મહાત્મા આનંદઘનજી, ૧૮ શ્રીમદ્ દેવચંદ્રજી, ૧૯ જળમંદિર પાવાપુરી (કાવ્ય) ૨૦ સાધર્મિકનાં સ્નેહઝરણાં.

**પાંચમી શ્રેણી :** સંવત ૧૯૯૮ની શ્રાવણ પૂર્ણિમાએ બહાર પડશે. અગાઉથી લવાજમ મોકલી આપનાર માટે પોસ્ટેજ સહિત રૂા. દોઢ, પાકું બાઇન્ડીંગ રૂા. બે પછીથી પોસ્ટેજ અલગ.

૧ લલિતાંગકુમાર, ૨ ચિલાતીપુત્ર, ૩ આભુશા, ૪ સમરાશા, ૫ પવિત્ર જયસેના, ૬ ભક્ત દેવપાળ, ૭ કુમાર મંગળ કળશ, ૮ ઉત્તમકુમાર, ૯ ચંપકશ્રેષ્ઠિ, ૧૦ અમરસેન-વયરસેન, ૧૧ સાજણસિંહ, ૧૨ ચંપકમાળા, ૧૩ કેવળી જયાનંદ, ૧૪ સમરાદિત્ય. ૧૫ હંસરાજ-વત્સરાજ, ૧૬ કવિ ધનપાળ, ૧૭ શ્રીકાંત શેઠ, ૧૮ મુનિ અર્હન્નક. ૧૯ વૃદ્ધાકુમાર, ૨૦ ઉત્તરાધ્યયનનાં અમૃતબિંદુ.

પાંચ શ્રેણી સાથે ખરીદનારને રૂા. ૬॥. ૫ કું બાઈન્ડીંગ ૮॥ પોસ્ટેજ દરેકનું અલગ સમજવું.

**જ્યોતિ કાર્યાલય**

હવેલીની પોળ, રાયપુરઃ અમદાવાદ

**બીજાં કોઇ પણ પુસ્તકો માટે અમને લખોઃ**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તૈયાર છે. " શ્રી પ્રભાવકચરિત્ર. " જલદી મંગાવો.

(વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી કલ્યાણવિજયજી મહારાજની લખેલ વિસ્તૃત પર્યાલોચના સાથે)

જૈન સાહિત્યમાં સેંકડો ચરિત્ર ગ્રંથો વિદ્યમાન છતાં આ પ્રભાવકચરિત્રની કોટીના ગ્રંથો વિરલ છે. શાસ્ત્રોમાં જણાવેલ પ્રભાવક શબ્દનો અર્થ અતિશય જ્ઞાનથી, ઉપદેશ શકિતથી, વાદશકિતથી કે વિદ્યા આદિ ગુણથી જિનશાસન ઉન્નતિ કરનાર જૈન આચાર્યો, એવો થાય છે અને આઠ પ્રકારના પ્રભાવક શાસ્ત્રો કહે છે. તેવાજ મહા પુરૂષો વજ્રસ્વામીથી છેલ્લા શ્રી હેમચંદ્રાચાર્ય સુધીના બાવીશ મહાત્માઓના ચરિત્રો આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

ચૌદમી સદીની સાદી અને કથારસ પ્રધાન દ્રષ્ટિનો વિચાર કરતાં **આચાર્ય પ્રભાચંદ્રસૂરિની** આ કૃતિ કર્તાની સંગ્રહશિલતા, ઇતિહાસ પ્રિયતાની સાક્ષી પુરે છે; એટલુંજ નહિ પરંતુ ભિન્નભિન્ન સમયના જૈન ઇતિહાસના સુંદર પ્રકરણો પણ તેમાં પૂરા પાડે છે. વળી તે તે સમયમાં જૈનધર્મની કેવી સ્થીતિ હતી ? તેનો કયા ભાગમાં વિશેષપ્રચાર હતો ? તેના પર સમયની શી અસર હતી ? એ બધી વાતોના સ્પષ્ટ અને ગર્ભિત પૂરાવા આ ગ્રંથમાં આવેલા ભિન્ન ભિન્ન ચરિત્રો ઉપરથી જાણી શકાય છે. આ બધી વાતોનો વિચાર કરતાં આ ગ્રંથ કેટલો મહત્વ ધરાવે છે તે તેના વાચકો સ્વયં સમજી શકે તેવું છે. આવા મહાન્ પુરૂષોના જીવન ચરિત્રો વાંચવાથી શ્રદ્ધા દ્રઢ થાય છે, આત્માની નિર્મળતા થાય છે અને મનનપૂર્વક વાંચવાથી તેવા મહાન્ પુરૂષ થવાની ઘડીભર ભાવના પ્રકટ થાય છે.

ધાર્મિક શિક્ષણ ક્રમમાં જીવન ચરિત્રોનું શિક્ષણ આવશ્યક છે, કારણકે બાળજીવોને કથાદ્વારા ધાર્મિક શિક્ષણ આપવાની રીત સરલ અને સુંદર છે એમ શિક્ષણવેત્તા કહે છે અને તેથીજ આ ગ્રંથ ધાર્મિક શિક્ષણ ક્રમમાં દાખલ કરવાથી ઉત્તમ પ્રકારના શિક્ષણની ગરજ સારે છે.

આ ગ્રંથમાં આવેલા આ કાળના આ મહાન્ પુરૂષોના ચરિત્રોની હકીકત એ બધી સત્ય ઘટના છે અને તે જૈન દર્શનનો અમુક સદીઓનો ઇતિહાસ પુરો પાડે છે, જે તેની પ્રથમ વિસ્તારથી આપવામાં આવેલ સંકલનાપૂર્વકની પર્યાલોચના વાંચવાથી સહેજે સમજી શકાય તેવું છે.

એકંદર આ ગ્રંથ પ્રકટ થવાથી જૈન સાહિત્યની વૃદ્ધિ થવા સાથે વાચકગણને સુંદર વાંચન પુરૂ પાડવામાં આવેલ છે તે વાંચવાથી સ્પષ્ટ થાય તેવું છે.

આ ગ્રંથમાં આવેલ પ્રભાવશાલી આત્માઓના ચરિત્રો મનનપૂર્વક વાંચવાથી આત્માને શાંત રસ ઉત્પન્ન થવા સાથે ધર્મરૂપી મહામંગળને પ્રકટ કરાવી, આત્મભાવના અને આત્માનંદ પ્રકટાવવા સાથે ભવ્યાત્માઓ તેવા ઉચ્ચ પદના અધિકારી સહેજે થાય છે.

આ ગ્રંથ ઇતિહાસના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી અને લાઇબ્રેરીના તથા જ્ઞાન ભંડાર વગેરેના શણગારરૂપ અને ધર્મ કથાના વાચકો માટે તેના નિવાસ સ્થાનમાં અવશ્ય રાખવા યોગ્ય વસ્તુ છે.

રોયલ આઠ પેજી છપન ફોર્મ પાંચસેંહ પાનાનો દળદાર આ ગ્રંથ ઉંચા એન્ટ્રીક પેપર ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી સુશોભીત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત અઢી રૂપૈયા કપડાના બાઇડીંગના ચાર આના વિશેષ. પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૯ મું. વીર સં. ૨૪૫૮. પોષ. આત્મ સં. ૩૬. અંક ૬ ઠ્ઠો.

## તારણહાર તો રેંટીયો જ છે.

કવિ શ્રી રવિન્દ્રનાથ ટાગોરે યંત્રોનો પણ પુરસ્કાર કર્યો છે. તેઓ કહે છે કે યંત્રના આ યુગમાં યંત્ર એજ આહારનો માર્ગ છે. અમે અહિં યંત્રવાદની આખી ચર્ચામાં નહિ ઉતરીએ. યંત્રમાં અનેક વિપત્તિઓ છે. એ તો કવિશ્રી પોતે પણ કબૂલ કરે છે. પશ્ચિમમાં જ્યાં યંત્રોનું સામ્રાજ્ય પ્રવર્તે છે ત્યાં પણ દુકાળ અને ભૂખમરો છે એ પણ તેઓ કબૂલ કરે છે. આજે તો યંત્રરાજો દુનિયાના આમવર્ગને વધુ ને વધુ ચૂસી રહ્યા છે તે આપણને નરી આંખે દેખાય છે. યંત્રોથી દુનિયાને તો લાભ જ થવાનો સંભવ છે, જો માનવ સમજમાંથી લોભ વૃત્તિ નિર્મૂળ થઇ શકે આપણા દેશમાં તો આમમાર્ગ જ્યાંસુધી આર્થિક સ્વાવલંબન સિદ્ધ ન કરે ત્યાં સુધી એ બનવું શકય નથી લાગતું. એટલે આજે આપણે માટે યંત્રોનો વિચાર અસ્થાને છે. આજે તો રેંટિયો જ આમવર્ગનો તારણહાર દેખાય છે.

શ્રી નરહરિ પરીખ.

For Private And Personal Use Only